॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ અંક-૬ ઓગષ્ટ-૨૦૧૬
સળંગ અંક-૩૬૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| જીવ માત્રને કરેલ નમસ્કાર પહોંચે શ્રીકેશવને દરબાર.. - હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' | ૫ |
| સંતના પારખાં - ગોર કૃપા પ્રકાશભાઈ, ભુજ | ૬ |
| વિચારના બે જ કેન્દ્ર : "હું અને મારું" શા. સ્વામી દેવચરણદાસજી | ૭ |
| સર્વતંત્ર-સ્વતંત્ર સહજાનંદ - પુ. સ્વામી પરમહંસદાસજી | ૯ |
| અનુપમ સાધના : કથા શ્રવણ (ભાગ -૨) કથા તો સાંભળી, પણ પછી શું ? | ૧૪ |
| કાચી કેરી - શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજી | ૧૭ |
| સેવા - અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા, અમદાવાદ | ૧૮ |
| રખવાળા અમારે શ્રીઘનશ્યામના કોની હવે ઓશિયાળ... - રમણ ગજ્જર, ભુજ | ૧૯ |
| સત્સંગ સમાચાર-દેશ | ૨૦ |
| શ્રી ઘનશ્યામ બાલ સંદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર મારો નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે

પરમેશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું. સૃષ્ટિમાં અસંખ્ય અનેક પ્રકારની જીવસૃષ્ટિનું નિર્માણ કરી પોતાની સર્વોપરીતા સિધ્ધ કરી. પ્રાણીસૃષ્ટિમાં માનવનો સમાવેશ પણ થઈ જાય. તો પશુથી માનવ ભિન્ન કઈ રીતે છે ? આહાર, નિદ્રા, ભય અને મૈથુન પશુ અને માનવમાં સમાન છે. પણ ધર્મ એક જ એવી બાબત છે જે પશુથી માનવને જુદો પાડે છે. ધર્મ એટલે દુઃખમાંથી મુક્ત થઈ અંતરની શાંતિ મેળવવાનો માર્ગ. હૃદયમાં શાંતિ હોય તો અંતર આહ્‌લાદની અટારીએ હોય અને મન આનંદના અમીથી તરબતર હોય જ. આપણે સર્વાવતારી સર્વેસર્વા શ્રી સહજાનંદ સ્વામીના સત્સંગી હરિભક્તો છીએ. આપણા સદ્‌નસીબે આપણને સાચા સંતોનું સાંનિધ્ય પ્રાપ્ત થયું છે. તો પછી આપણે ધર્મના માર્ગે જ હોઈએ ને ? ધર્મના માર્ગે હોવાથી મનમાં શાંતિ સાથે આનંદનો ઉમળકો જ હોય ને ? આજે બસ આનંદની જ વાતો કરવી છે.

ધર્મપ્રેમી માનવને ધર્મપરાયણ થઈ પ્રભુભક્તિ કરવામાં જેટલો આનંદ પ્રાપ્ત થાય છે તેટલો આનંદ બીજી કોઈ દુન્યવી બાબતમાં મળતો નથી. આવા ધર્મપ્રેમી ભક્તો ઈશ્વરની અનેક પ્રકારે આરાધના કરી મનમૂકીને આનંદ માણતા હોય છે, આનંદ લૂંટતા હોય છે ! શ્રાવણી સરવાણી પૃથ્વીને લીલીછમ બનાવી દે છે તે રીતે જ શ્રાવણી તહેવારો હૃદયમાં હરિયાળી લાવી દે છે. કેટકેટલા તહેવારો શ્રાવણ માસમાં ! વળી પાછા બધાય ધાર્મિક તહેવારો ! મન મોર બનીને થનગનાટ કરે જ ને !

મસ્તીખોર, માખણચોર, મટકીફોડ, નટખટ નટવરની બાળલીલાઓથી વૃંદાવન ભરપૂર છે, તેમાંય યમુના તીરે કદમની ડાળીએ સુગંધી ફૂલોથી સુશોભિત હિંડોળામાં મનના માણીગર કાનુડાને ગોપીઓએ જે ભાવથી ઝુલાવ્યા છે એવો વિશુધ્ધ ભાવ ક્યાં જોવા મળે ? વ્રજની આ વાતની ચિરકાલીન યાદ તાજી રાખવા માટે આપણા સંપ્રદાયના મંદિરોમાં હિંડોળા મહોત્સવ ઉજવાય છે, જેનો અલૌકિક આનંદ અપરંપાર છે. આ આનંદની અનુભૂતિનો સ્પર્શ સમર્પિત હરિભક્તોને જ થાય હો ! શ્રીજીને સંપૂર્ણ સમર્પિત થઈ જાવ તો આ અદ્‌ભુત આનંદ તમારા માટે જ છે !

ભગવાન તો ભાવના ભૂખ્યા છે. જે હૃદયમાં વિશુધ્ધ ભાવ હોય ત્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો વાસ અચૂક હોય અને જ્યાં નારાયણ હોય ત્યાં પવિત્રતા અવશ્ય હોય જ.રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના સ્નેહનું અતિ પાવનકારી, પવિત્ર અને નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતીક છે. રક્ષાબંધન જેવો નિર્મલ પ્રેમનો તહેવાર અન્ય ધર્મમાં ક્યાંય જોવા મળે છે ખરો ? ભાઈ બહેનને રક્ષણનું વચન આપે અને બહેન ભાઈને સ્વાસ્થ્યસભર સલામતીના અંતરથી આશીર્વાદ આપે. આ તહેવાર આપણા સંસ્કારો અને સંસ્કૃતિની અનન્ય દેન છે. તાજેતરમાં જ વર્તમાનપત્રમાં વાંચ્યું કે બહેને સામે ચાલીને પોતાની કીડનીનું દાન આપીને પોતાના ભાઈને નવજીવન બક્ષ્યું. કેવો વિશુધ્ધ પ્રેમ ! અરે, આપણા દેશમાં ધર્મના માનેલા ભાઈ-બહેનના રક્ષણ કાજે અકલ્પનીય સાહસ અને શૌર્યના અનેક પ્રસંગો પણ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત છે. રાખડીની લાજ રાખવી ભાઈનું ગૌરવ છે.

હિંડોળા મહોત્સવની જેમ જ ગોકુળ અષ્ટમીની પણ ઉત્કંઠાથી રાહ જોવાતી હોય છે. સાતમ-આઠમના મેળામાં માનવ-મહેરામણ ઉભરાય છે અને સૌ મેળામાં મહાલવા ઉત્સુક હોય છે. અવનિના આધાર શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાગટ્ય ઉત્સવને ઉજવવા અતિ આતુર હોય છે. મંદિરોને વિવિધ રીતે શણગારી અત્યંત સુશોભિત કરાય છે. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'ના ઘોષથી વાતાવરણમાં ભક્તિરસ પ્રસરી જાય છે. માખણચોરોની સેના આવે છે અને મટકીફોડના પ્રસંગોનો આનંદ જ કંઈ ઓર હોય છે. આ અભિરસ આનંદનો આસ્વાદ અવિસ્મરણીય હોય છે.


ધર્મનો એક અર્થ ફરજ પણ છે. નીતિમાન માનવ ક્યારેય વતન પરસ્તીની ફરજ ચૂકતો નથી. જનની જન્મભૂમિને સ્વર્ગથી પણ મહાન દર્શાવતા સંસ્કારો રાષ્ટ્ર સાથે અતૂટ બંધનથી જોડી રાખે છે. રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગસ્ટે એવો શુભ સંકલ્પ કરીએ કે મારા દેશની ઉન્નતિ માટે સદાય તત્પર રહી હું મારું સર્વસ્વ દેશના ચરણોમાં સમર્પિત કરીશ. અને દેશવાસીઓ સાથે સદૈવ સૌજન્યસભર સહકારથી વર્તી દેશના વિકાસ માટે મારાથી બનતું બધું કરી છૂટીશ અને ધર્મના માર્ગે ચાલી દેશસેવા પણ કરીશ.

જયશ્રી સ્વામિનારાયણ !

## શિક્ષાપત્રી શ્લોક-૨૩

# જીવ માત્રને કરેલ નમસ્કાર પહોંચે શ્રીકેશવને દરબાર..

- હિંમ્મતભાઈ ઠક્કર 'રઘુવંશી'



દૃષ્ટ્વા શિવાલયાદીનિ દેવાગારાણિ વર્ત્મનિ ।
પ્રણમ્ય તાનિ તદ્દેવદર્શનં કાર્યમાદરાત્ ॥

સત્સંગીઓના રોજિંદા જીવનને મંગલમય બનાવનારા શ્રીસહજાનંદ સ્વામી મહારાજ પ્રબોધે છે કે, અમારા આશ્રિત હોય તેમણે, માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવો. અને મંદિરમાં પધરાવેલા જે દેવ હોય તેનું આદર થકી દર્શન કરવું.

આજની નવોદિત પ્રજા સ્વાભાવિક પણે જ સવાલ કરી બેસે કે, શા માટે નમસ્કાર કરી દર્શન કરવા ? રેંકડી, હોટલ, ચાના ગલ્લા પાછળ હડિયું કાઢનારાની જીભના રસાસ્વાદ પૂર્ણ મંદિરમાં ન થાય. જે આંખોને ટી.વી. અને વિશાળ સીનેમાગૃહના તોતિંગ સ્ક્રીન પરની ઝાકઝમાડમાં મજો મેળવવો હોય તેવી રસિલી નજરોમાં મંદિરની દિવ્ય શાંતિ અને પવિત્ર દેવમૂર્તિનું કુદરતી આકર્ષણ ન વ્યાપે તેથી શિક્ષાપત્રીના માધ્યમ દ્વારા શ્રીજી મહારાજ આંખોના દર્શનને માયાથી હટાવીને માયાપતિમાં જોડવા રસ્તે આવતા મંદિરોને દેવોનાં દર્શનનો મફતમાં મળતો લહાવો મેળવવા પ્રબોધે છે.

જરા વિચારીએ તો આપણે પણ ખરા કે જાહેરાતોના મોટોમોટો હોર્ડિંગમાં એવું તે શું બળ્યું છે કે ટૂ-વ્હીલર, ફોર વ્હીલરમાં બેઠાંબેઠાં પણ આપણી નજરો રસ્તે પૂરપાટ જતાં પણ લેફ્ટ-રાઈટ કરતીને તેમને સલામો ભરતી જાય ?

રસ્તે આવન-જાવન કરતા પ્રત્યેક પર આવા માયાવી દૃશ્યો તેમનાં મન-બુદ્ધિ-ચિત્તને ક્ષણમાં જ ઢીશુંમ કરતાકને માયામાં લપેલી ન લે તે માટે શ્રીજી મહારાજ તેમનાં સત્સંગીઓને તો ખાસ સાવધાન આ શ્લોક દ્વારા કરે જ છે.

આપણી દૈનિક હરફરમાં રસ્તે ઊભાં મંદિરો અને દેવો તો આપણા મનોવ્યાપારનો જાણે ટ્રાફિક કંટ્રોલ કરતા હોય તેમ લાલ પીળી ને લીલી લાઈટના સિગ્નલો રેલાવતાં જણાય છે.

વળી, સો કોઈ સંસારી આમેય સામે મળતાં સગાં-સંબંધી મિત્રો અને અરે દુશ્મનોને પણ કાંઈ ને કાંઈ ઔપચારિક આપ-લે તો કરતા જ રહેતાં હોય છે. તદુપરાંત એક વૈજ્ઞાનિક ગુરુત્વાકર્ષણનો એ નિયમ તો સૌને વિદિત છે કે પાણી પર્વતની ટોચ પરથી નીચે ખીણમાં પડે. એપાર્ટમેન્ટના દશમા માળે ટાંકાનો વાલ્વખોલો તો તે ઠેઠ ભોંય તળીએ બધા જ ફ્લેટના બધા જ નળોમાં વહે. તેથી સુસંસ્કૃત થતા જતાને પ્રભુના રસ્તે ચાલતા જતા સત્સંગીએ મનના વાલ્વને ગમે ત્યાંને ત્યારે ખોલવાનો નથી. ભોંય તળીએ રહેલ ટાંકાના પાણીએ દશમે માળે ચઢાવવા મોટરને સબમર્શીબલ પંપ ઉપરાંત વિદ્યુતની જરૂર પડે છે. તેવી જ રીતે આપણી નરી આંખોને દેખાતા સસ્તા દૃષ્યોથી ઊંચાઈ પર લઈ જવા મંદિર, મંદિરની ધજા, ને મંદિરમાં બિરાજમાન દેવી-દેવતાની દિવ્યતા તરફ વાળવી જરૂરી છે.

આવાં વિનમ્ર ભાવે ને પૂર્ણ શ્રધ્ધાથી કરાતા દર્શનથી માનવ ને પ્રેરણા, ઉત્સાહ, કાર્યશીલતા ને શાંતિ મળે છે. જેમ રંગબેરંગી બગીચો આંખોને આનંદ આપે ને નાકની ઘ્રાણશક્તિને સુગંધિત કરે તેમ ઉકરડો આંખોને

નાક બન્નેને અભડાવે.

આ દિવ્ય દર્શનમાં જરા વધુ ઊંડા ઊતરીએ તો રસ્તે કે દિનભર મળતી કોઈપણ વ્યક્તિ સાથે આપણું મન, રાગે કે દ્વેષ ભાવે વ્યવહાર કરનારું છે. પરંતુ મંદિર, દેવી-દેવતા અને સંત-સાધુઓના દર્શન માત્રથી મન આપોઆપ વિનમ્ર બની માથું નમાવી બેસે છે. શા માટે ? કેમ કે આપણાં માંહ્યલાને મંદિર, દ્વેષ ને સંતો-સાધુઓ પ્રત્યે મૂળે પૂજ્ય ને પવિત્ર ભાવ છે. તેથી જો દર્શન કરવું જ હોય તો દિવ્ય દર્શન કરવું.

વળી, માનવ સાદું સરળ સરવાળા-બાદબાકી વાળું ગણિત તો જાણે જ છે. તેથી તેણે રોજિંદા વ્યવહારમાં ક્યાં ક્યાં સારા સારાના સરવાળા કરવાને કઈ કઈ નકામી ઉપાધિઓ, ચિંતાઓ પ્રસંગો, માનવોને બનાવોને બાદબાકીથી બાદ કરવા તે તો તેના જ હિતમાં છે, તે તો તે જાણે જ છે.

ને તેથી જ શ્રીજી મહારાજ પ્રબોધે છે કે મારા આશ્રિતોએ દરરોજ આવન જાવનમાં પણ સૌંદર્યને સાત્વિકતા ભરતાં ભરતાં -

"શુભ લાભના કરવા સરવાળા,
અશુભ માટે કરવા બંધ દરવાજા,
જીવમાત્રને કરેલ નમસ્કાર,
અંતે તો પહોંચે શ્રીકેશવને દરબાર."

# સંતના પારખાં

- ગોર કૃપા પ્રકાશભાઈ, ભુજ

એક ગામ હતું. તેમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે ખૂબ જ ગરીબ હતો. રોજ ગામમાં ભીખ માગવા નીકળે. ભીખમાં જે મળે તેનાથી એનું ગુજરાન ચાલે.

એ ગામમાં થોડા નવરાં લોકો રહેતાં હતાં. તેઓને કોઈ કામ ધંધો ન હતો એટલે ઘરના સુખી હતા. તેઓ ગામને પાદરે બેસતા અને જતા આવતા લોકોની મશ્કરી કરતા હતા.

એ ગામમાં એક પુણ્યશાળી માણસ રહે. હંમેશા ખુશ રહે. સુખ હોય કે દુઃખ, એ આનંદમાં હોય. એમનાં કોઈ વખાણ કરે તો એ ફુલાઈ ન જાય અને કોઈ ગાળ દે તો ગુસ્સે ન થાય. કદી કોઈ વાતની ફરિયાદ ન કરે. જે હોય એમાં સંતોષ. તેથી ગામમાં સંત તરીકે એમની નામના હતી.

હવે પેલા લોકોને થયું, "આ તે વળી સંત શાના ? એય માણસ છે. એને પણ ક્રોધ તો આવે જ. લોકો એને સંત કહીને એનાં વખાણ કરે છે, તો ચાલો આપણે અનાં પારખાં કરીએ."

એકવાર નવરા લોકો ગામને પાદર બેઠા હતા. એટલામાં પેલો ગરીબ બ્રાહ્મણ ભીખ માગવા નીકળ્યો. પેલા લોકોએ તેને પાસે બોલાવ્યો અને કહ્યું, "અલ્યા બ્રાહ્મણ, તું સાંજ સુધી ભીખ માંગીશ ને ભેગું થશે એનાથી ઘણું વધારે અમે તને એક સાથે આપીએ. એના બદલામાં તારે અમારું એક કામ કરવાનું, બોલ કરીશ ? અમે તને એ કામ કરવાના એકાવન રૂપિયા આપીશું."

બ્રાહ્મણ તો રૂપિયાનું નામ સાંભળતાં જ ખુશ થઈ ગયો. ઘેર ઘેર ભટકું એના કરતાં આ સારું. બ્રાહ્મણે કહ્યું, "બોલો શું કામ છે ?"

નવરા લોકોના સરદારે કહ્યું, "લોકો કહે છે કે પેલા પુણ્યશાળી સંત કદી ગુસ્સે થતા નથી. એમને તારે ગુસ્સે કરવાના. અમે બેઠા છીએ, તારો વાળ વાંકો નહિ થાય."

લોકોએ બ્રાહ્મણને પચીસ રૂપિયા આપ્યા. બ્રાહ્મણ ઉપડ્યો સંતને ઘેર. સંત ઘેર ન હોતા તેઓ મંદિર ગયેલા. બ્રાહ્મણ મંદિરમાં ગયો. સંત તો ભગવાનના ધ્યાનમાં મગ્ન હતા. બ્રાહ્મણ ને થયુ, આ ખરો મોકો છે ! એ તો એમના ખભા પર બેસી ગયો. સંત તો હસવા લાગ્યા. કહે, "પધારો ભૂદેવ. આજ સુધી તમારા જેવું વહાલ મને કોઈએ કર્યું નથી. મારે ઘેર ચાલો. આજે આપણે સાથે જ ભોજન કરીશું."


પેલો બ્રાહ્મણ તો શરમાઈ ગયો. સંત સાથે તેણે જે ખરાબ વ્યવહાર કર્યો હતો તે માટે તેણે સંતની માફી માગી. તેને ખૂબ પસ્તાવો થયો.

પેલા નવરા લોકોને સંતનાં પારખાં થઈ ગયા. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ આવા અનેક સંતો જોવા મળે છે.

## સાંપ્રત સંદેશ

# વિચારના બે જ કેન્દ્ર : "હું અને મારું"

શા. સ્વામી દેવચરણદાસજી



માયા જેવા ભારેખમ શબ્દને વચનામૃતમાં શ્રીજી મહારાજ અત્યંત સરળ રીતે વ્યાખ્યાયિત કરે છે, "હું અને મારું" એ જ માયા.

દર્પણની ઉત્પત્તિ અને વ્યાપક સ્વીકૃતિ તથા ઉપયોગિતાનું કારણ છે : હું.

આ હુંની આસપાસ જે જાળું રચાય તે મારું.

"I and MY" these are the two main driving factors for whole world to move day and night, whole year since centuries - Socrates.

બર્નાર્ડ શો... એટલે

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પામનાર પ્રખર તત્વચિંતક :

માનવની વિચારપંગુતા પર વિચાર કરી તેઓ બોલ્યા :

સામાન્ય માણસ જિંદગી દરમ્યાન વર્ષમાં એક કે બે વાર વિચારને પામે છે. હું દર અઠવાડિયે એક નવો વિચાર કરતાં શીખ્યો છું. જેનું ફળ છે દુનિયાભરમાં મારી પ્રસિદ્ધિ !!!

દરિયાનાં મોજાં જેમ અવિરત ચાલ્યાં જ કરે, એક શમે ને બીજું આવે, બીજું જાય, ત્યાં ત્રીજું આવે... આ ઘટમાળ અનંતકાળથી વણથંભી ચાલ્યા જ કરે છે.

તે જ રીતે માનવમનમાં પણ વિચારોની સેના સતત કૂદ કદમ કરતી જ હોય છે.

માનવશાસ્ત્રીઓ જણાવે છે :

દિવસ દરમ્યાન મનુષ્ય ૭૦,૦૦૦ થી વધુ સ્થૂળ વિચારોની પ્રક્રિયામાં ગૂંથાય છે.

હા, દિવસ દરમ્યાન ૭૦,૦૦૦ !!!

એટલે કે દર દોઢ સેકંડે એક સ્થૂળ વિચાર ઉદ્ભવે છે.

શ્રીજી મહારાજ સંકલ્પ વિકલ્પની આ મનોદશાનું વર્ણન ગ.પ્ર. ૩૦માં આ મુજબ કરે છે :

ઘડી ઘડી પળ પળમાં જે સૂક્ષ્મ ઘાટ થાય છે, તે તો કોઈના ઓળખ્યામાં આવે નહિ.

આ ઘાટ એટલે જ વિચાર.

જેમ મધપૂડામાં મધમાખીઓ ખદબદે તેમ ૨૪ કલાક ને સાતેય દિવસ પ્રત્યેક વ્યક્તિમાં વિચારોનું ઝુંડ સતત મંડરાતું રહે છે. પરંતુ બર્નાર્ડ શો કહે છે તે વિચાર જુદો છે અને વ્યક્તિમાં પળે પળે ઉભરાતા આ વિચારો જુદા છે.

સામાન્યતયા પ્રામાણિક તપાસ કરવામાં આવે તો પ્રતિદિન ઉદ્ભવતા એ ૭૦,૦૦૦ વિચારોમાંથી ૭૦,૦૦૦ વિચારો, એકના એક જ કેન્દ્રિય વિષયની આસપાસ ગૂંથાયેલા હોય છે.

પ્રત્યેક વિચાર લાગે નવો, પણ તેના મૂળ સુધી જાવ તો ખબર પડે એક જ જગા પર આ વિચારોની ઘાંચીનો બળદ ફર્યા કરે છે.

- ગમે તે વ્યક્તિ હોય
- ગમે તે પ્રકારનું કામ હોય,
- ગમે તેવા શબ્દો હોય,
- ગમે તે હેતુ હોય,

પણ મનુષ્યનાં મનમાં ઉદ્ભવતા વિચારોનું કેન્દ્ર આ બે ની આસપાસ જ ફર્યા કરે છે :

"હું અને મારું"

દીકરાના લગ્ન લેવાના હોય તો ૬ મહિનાથી ૧૦૦ નહિ, હજાર જાતના ઘાટ-સંકલ્પો-વિચારોનું આક્રમણ આરંભાય... હોલનું બુકીંગ, ભોજન મેનુ, સગાઓને કંકોત્રી, ગરબા-મેંદી, કપડાં, શૂટ, જોડા, વીંટી, ઘરેણાં... આ દરેક માટે બીજા ૧૦-૧૦ ને એ માટે ૧૦૦-૧૦૦ બીજા વિચારો કરવાના થાય. પણ આ તમામ વિચારોના મૂળમાં છે : "મારો" દીકરો.

ડોક્ટર થનારો વિદ્યાર્થી રોજ ૧૬ કલાક વાંચે અને તરેહ તરેહના વિચારો દ્વારા સફળ થવા મંથે.

આમાં ડોક્ટર કોણ બનશે ? "હું"

વિચારો કરવા કે વિચારો આવવા અઘરાં નથી.

કશું જ ન કરનારું મન પણ વાંદરાની પેઠે સતત ચંચળ બનીને વિચારશીલ જ હોય. ધજાની પૂંછડી શાંત થાય તો વિચાર શમે.

વિચાર આવે તે મહત્ત્વનું નથી, પણ ક્યા અને શેના વિચાર આવે છે તે મહત્ત્વનું છે.

ઘાંચીનો બળદ દિવસમાં ૨૫ કિમીની યાત્રા કરી લે, પણ કેટલો પંથ કપાય ?

હતો ત્યાંનો ત્યાં.

વળી નાવનું દોરડું છોડ્યા વિના નાવને આખી રાત હલેસાં મારો, તો પણ નાવ એક ઈંચ પણ આગળ ખસે નહિં.

એ જ રીતે જ્યાં સુધી વિચારનું કેન્દ્ર ન બદલાય, ત્યાં સુધી પરિધીમાં આવેલા વિચારોની વેરાઈટી ભલે હજાર જાતની લાગે, પણ એ વિચાર, કોઈ પ્રકારની "પ્રગતિ, ઉર્ધ્વગતિ કે આધ્યાત્મિક" ઉન્નતિ ન કરાવી શકે.

શ્રીજી મહારાજ વિચારને મહતા આ રીતે વર્ણવે છે :

ભગવાનમાં હેત હોય તથા ધર્મમાં નિષ્ઠા હોય તો પણ જો વિચારને ન પામ્યો હોય તો અતિ સારા જે શબ્દાદિક પંચવિષય તે અતિ ભૂંડા જે શબ્દાદિક પંચવિષય સરખા થાય નહિ.

મોઢામાં ઉપલ્યા દાંત ખાંડણિયાં ને હેઠલ્યા સાંબેલાં, તે વિચાર્યા વગર જણાતું નથી.

વિચારીને જુઓ તો ૧૦૦ વર્ષ મોર્ય આમણી નાતમાં કોઈ ન હોતું અને ૧૦૦ વર્ષ કેડે (પછી) કોઈ નહીં રહે.

જગત અને જગતસંબંધી પ્રવાહ સાથે જે વિચારો જોડાયેલા છે, તે વિચારો શાશ્વત મુક્તિ તરફ આગળ ન લઈ જઈ શકે.

એક્સપ્રેસ હાઈવે પર એક ગાડી ૧૦૦ કિમીની ગતિએ જતી હોય ને બાજુમાં બીજી જીપ પણ ૧૦૦ની ગતિએ જતી હોય, તો બંને વાહનમાં બેઠેલાઓને બંને વાહન સ્થિર છે એવું લાગે. આવું જ જગતનું છે. સૌ એક જ ગાડીના મુસાફર.

સમગ્ર દુનિયામાં માનવોનું એક જ કેન્દ્ર છે : "હું અને મારું." આ અહં-મમત્વની નાતમાં ભળેલા લોકો ભલે ગમે તેટલા નોંખા હોય, પણ સૌ અંતે તે એક જ કેન્દ્ર પર રહે છે :

- અબજો ડોલરની કમાણી કરતો કરોડપતિ
- દેશ કે રાષ્ટ્રનું નેતૃત્વ કરતો પ્રેસીડન્ટ કે પ્રધાનમંત્રી
- સમગ્ર દુનિયામાં પ્રસિદ્ધિ પામવા મથતો અભિનેતા
- સમાજ સેવા કે ગરીબોના ઉત્કર્ષ માટે સમર્પિત સમાજ સેવક
- ઓલમ્પિકમાં મેડલ જીતી આવતો વિજેતા...

ગમે તે પ્રવૃત્તિના ગમે તે વ્યક્તિને તપાસો...

આ સૌમાં પોતે મેળવેલી સિદ્ધિના ક્ષેત્રમાં પોતે કરેલા હજારો વિચારોનું કેન્દ્ર તો "હું અને મારું" આ બે જ રહેશે.

હવે મૂળ વાત : તાળાને બંધ કરવા માટે જે ચાવી વપરાય, તે જ ચાવીથી તાળું ખોલે.

તાળું બંધ કરવાની અને ખોલવાની બે અલગ ચાવી ન હોય. માત્ર ચાવીને ફેરવવાની દિશા બદલાય ને પરિણામ બદલાય.

શ્રીજી મહારાજ અને સંતો વિચારોની આ ગતિને રોકવાની નહિ, પણ વિચારોના કેન્દ્રને બદલવાની વાત કરે છે.

સતત વિચારશીલ રહેવાના સ્વભાવવાળા મનને નીચેના ત્રણ કેન્દ્રની ફરતે વિચારતુ કરવું પડે, તો જનમ સફળ થાય.

૧. આત્માનો વિચાર, ૨. પરમાત્માનો વિચાર, ૩. જગતના સ્વરૂપનો વિચાર (સાંખ્યવિચાર)

શ્રીજી મહારાજ તો આ ત્રણ વિચારને પામે તેને જ ભજનમાં વિક્ષેપ ન આવે તેમ જણાવે છે. (ગ.મ. - ૬૦)

ચરિત્ર બુંદ

# સર્વતંત્ર-સ્વતંત્ર સહજાનંદ

- પુ. સ્વામી પરમહંસદાસજી

બ્રહ્માનંદ સ્વામી પ્રભુની અકળ લીલાનું ગાન આ રીતે કરે છે :

અહો પ્રભુ અચરજ માયા તુમારી, જીસે મોહે સકલ નરનારી,
બ્રહ્મા મોહે શંકર મોહે, મોહે ઈન્દ્ર બલિહારી,
વેદ પઢંતે પંડિત મોહે, ભૂલ ગયે સૂધ સારી,
જીસપર હો કૃપા તુમારી સો જન ઉતરે પારી,
બ્રહ્માનંદ શરનમેં આયો, લીજે મોયે ઉગારી,

મનુષ્ય મૂર્તિ ભગવાનના ચરિત્રોમાં દિવ્યભાવ રહેવો કઠણ છે. આ અદ્‌ભુત અને કપરી સાધના છે. મહારાજના ભક્તો આમાં કેવા પરંપરાગત હતા તે વાત છે વરજાંગ જાળિયાની.

સંવત ૧૮૭૦નું વર્ષ છે. ભાદરવો બેસી ગયો છે. નદીનાળાં ઊભરાઈ ગયા છે. ચારે બાજુ લીલીછમ ધરતી પર મોલ લહેરાઈ રહ્યા છે. હરિવર ગઢડેથી સોરઠ બાજુ વિચરણમાં નીકળ્યા છે. વિચરણ કરતાં પંચાળા પધાર્યા ને ઝીણાભાઈ દરબારને કહ્યું : 'અમારે માંદા પડવું છે...'

તેઓ કહે : 'મહારાજ ! માંદા શીદ થવું, રમો-જમો ને આનંદ કરો, સાજા-નરવા અમને સુખ આપો !'

'એવું સુખ જોઈતું હોય તો પછી આવીશું...' એમ કહી પંચાળેથી નીકળી હરિવર માણાવદર પધાર્યા. ભક્તોને ભેગા કરી પોતાનો સંકલ્પ રજૂ કર્યો, ને ઉમેર્યું કે પંચાળાના ઝીણાભાઈએ તો સાજા-નરવા રહી સુખ આપવા અમને બાંધી લીધા છે, તમારે શું કરવું છે ?

માણાવદરના ભક્તોએ કહ્યું, 'મહારાજ ! અમને પણ એવું જ સુખ જોઈએ છે.'

મહારાજ કહે : 'સારું, તો પછી આવીશું..'

ફરતાં ફરતાં મહારાજ વરજાંગ જાળિયા પધાર્યા. અહીં હીરાભાઈ ઠક્કર અને તેમના પત્ની કલુબાઈને મહારાજને વિષે અનન્ય ભક્તિ હતી. મહારાજે માંદા થવાનો પ્રસ્તાવ મૂક્યો કે તરત જે એ દંપતીએ વધાવી લીધો.

મહારાજ કહે : અમે બધે ફર્યા પણ કોઈ અમારી રુચિ જાણી શક્યું નહિ..

હીરાભાઈએ હાથ જોડી કહ્યું : 'મહારાજ ! અમારાં એવાં ભાગ્ય ક્યાંથી ! આપ પૂર્ણ પુરુષોત્તમનારાયણની પ્રત્યક્ષ સેવા અમને મળી !'

હીરાભાઈએ મહારાજની રુચિ મુજબ પોતાનું બીજું મકાન સજ્જ કરી દીધું. મોટું ફળિયું વગેરે જોઈ મહારાજ બહુ રાજી થયા. પોતે ઢોલિયે પોઢ્યા ને કાળજવર અંગીકાર કર્યો.

મહારાજ સાથે મુળજી બ્રહ્મચારી, નાજા જોગિયા અને ભગુજી હતા. હીરાભાઈ અને તેમનાં પત્ની કલુબાઈ મહારાજની સેવામાં ખડે પગે રહેતાં મણીગરનું એકેએક અંગ ધગેલ અંગારા જેવું થઈ ગયું. સેવકો મીઠાનાં પાણીના પોતાં મૂકવા લાગ્યાં. પણ તાવ ખસવાનું નામ નહોતો લેતો. ભગુજીએ નવાંનકોર પાંચ ગોદડાં ઓઢાડ્યાં તોય હરિવરનાં ગાત્ર ધ્રૂજતાં હતાં. ગયા વરસે ભયંકર અગનોતેરોકાળ પડ્યો હતો. મહારાજે પોતાની શક્તિથી ભયંકર સંહાર અટકાવ્યો હતો. એટલે રુદ્રનો કોપ શમ્યો નહિ. કરુણાસિંધુ હરિવરે એ કોપની અગનજાળ જાણે પોતાના અંતરમાં ઝીલી લીધી !

અચાનક આદરેલી આ લીલા જોઈ ભગુજીએ પૂછ્યું, 'પ્રભુ ! મંદવાડના સમાચાર મોટેરા સંતો-ભક્તોને જણાવી દઈએ..'

આ સાંભળી મહારાજ ગુસ્સે થયા, કહ્યું : 'એવાં ખબર બધાને આપવાના હોત તો ઠેઠ સોરઠમાં અહીં આવીને મંદવાડ શું કામ ગ્રહણ કરત ? તમારે રહેવું હોય તો રહો. નહિતર ચાલવા માંડો...' ભગુજી કંઈ બોલી શક્યા નહિ.

મહારાજે ધીરે ધીરે મંદવાડ એવો ગ્રહણ કર્યો કે એમનું મુખ જોતાં જ રડી પડાય. તાવ ઉતરે નહિ. પેટમાં કંઈ જ ટકે નહિ. જમવાની રુચિ જ ઊડી ગઈ !

વરજાંગ જાળિયાના હરિભક્તો પણ હીરા ઠક્કરને ઘરે મહારાજનું ચિંતવન કરતા બેસી રહેતા. બાઈ હરિભક્તો તો રોજ-રોજ નવા-નવા થાળ તૈયાર કરતી. સાંગા બાબરિયાની સ્ત્રી રતન, કાંથળ બાબરિયાની સ્ત્રી કુંવરબાઈ, જગા બાબરિયાની સ્ત્રી પરમાબાઈ સોનારણ તથા સુથારણ ગલુબાઈ વગેરે હીરા ઠક્કરના પત્ની કલુબાઈ સાથે રહી અપાર સેવા કરતાં. જાત-જાતની વાનગીઓ બનાવતાં. પરંતુ મહારાજ કંઈ જ અંગીકાર કરતા નહિ, ને કહેતા કે, 'અમારા માટે રાધા-લક્ષ્મી જેવી અનંત સ્ત્રીઓ રોજ ભાતભાતના થાળ લાવે છે. પણ અમે તે અંગીકાર કરતા જ નથી. જમવાની રુચિ જ અમને થતી નથી.'

આ સાંભળી સૌ હતાશ થઈ જતાં.

અન્નનો ત્યાગ કરી દીધો હોવાથી મહારાજનું શરીર કૃશ થવા લાગ્યું હતું. ખૂબ અશક્તિ આવી ગઈ. નાજા જોગિયા અને ભગુજી મહારાજને ઊંચકીને સ્નાન કરાવવા લઈ જતા. આ રીતે મહારાજને અગિયાર ઉપવાસ થયા.

મહારાજની તીવ્ર મંદવાડની વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી. મુક્તાનંદ સ્વામી પોતાના મંડળના એક સાધુને જોડમાં લઈ આવી પહોંચ્યા. એ જ રીતે સુરાખાચર-સોમલાખાચર વગેરે હરિભક્તોને જેમ-જેમ ખબર પડતી ગઈ, તેમ તેમ આવવા લાગ્યા.

મહારાજના શરીરમાં બિલકુલ કૌવત નહોતું. તાવ ચઢે ને અસંબદ્ધ પ્રલાપ કરે. તો વળી, જે કોઈ દર્શન આવે તેના અંતરના સાર-નરસા બધા સંકલ્પો કહેવા માંડે. આથી ઘણાને મહારાજ પાસે બેસવાનો સંકોચ થતો. મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડી કહ્યું : 'દયાળુ ! દયા કરો. જો બધાના સંકલ્પ કહેવા માંડશો, તો હરિભક્તોને અહીં આવતાં મૂંઝવણ થશે.'

' એમ ! તો હવે અમે કંઈ નહિ બોલીએ...'

વળી, એક દિવસ પથારીમાંથી ઝબકીને બેઠા થયા. કૃશ શરીરે પણ ઝટ દઈ ઊભા થયા. ખીંટીએ ભરાવેલી તલવાર હાથમાં લીધી અને હવામાં વીંઝવા લાગ્યા ! ભગુજી-નાજા જોગિયા બન્નેએ બળ કરી મહારાજને ઝાલવા પ્રયત્ન કર્યો. પણ અલબેલાએ તો તેમની સામે તલવાર વીંઝતા ડગ ભર્યા. તે બન્ને ગભરાઈને એક બાજુ સંતાઈ ગયા.

હવે મુક્તાનંદ સ્વામીથી ન રહેવાયું. એ તો પરમ સાધુતાની મૂર્તિ. મહારાજના પણ ગુરુ કહેવાય. તેમને હાથ જોડી, મસ્તક નમાવી, નજીક જઈને કહ્યું : 'મહારાજ ! આપના હાથમાં તલવાર ન શોભે, આપ તો બીજાની તલવાર મૂકાવો છો.'

મહારાજ કહે : 'સત્સંગની રક્ષા કરવા તલવાર ગ્રહી છે.'

'એ રક્ષા તો આપણા શૂરવીર પાર્ષદો કરે જ છે.'

'તમે ન સમજો, સ્વામી ! અમને અમારું કામ કરવા દો, આ બધા બાયલાનું મારે કામ નથી !'

મુક્તાનંદ સ્વામીને થયું : 'આ મંદવાડ મગજ સુધી પહોંચી ગયો છે !'

ભલભલાનો નિશ્ચય ડગી જાય એવાં ચરિત્રે મહારાજે આદર્યા હતાં. પરંતુ હીરા ઠક્કર અને તેમનાં પત્ની કલુબાઈએ મહારાજનો બોલ ઝીલ્યો હતો. તેથી

એમનાં અતંરમાં મહારાજે લેશ પણ મોહ વ્યાપવા દીધો નહિ. એ તો મહારાજની આ માનુષી લીલાનું ભક્તિભાવથી દર્શન કરતાં રહ્યાં. આમ, તેર-તેર ઉપવાસ નિર્જળા થયા.

એકવાર મધરાતે મહારાજે જલેબી ખાવા માંગી. આમ તો મહારાજ જે કંઈ માંગે તે હાજર કરવા હીરાભાઈ કટિબદ્ધ રહેતા. પણ મહારાજ કંઈ માગતા જ નહિ. આજે જમવાનું માંગ્યું પણ સૌને ચિંતામાં મૂકી દીધા ! મુક્તાનંદ સ્વામી અને હીરાભાઈ બન્ને ગુસપુસ કરતા હતાં. એમ કે અત્યારે જલેબી ક્યાંથી મળે ! કેમ કરીશું !

આથી મહારાજે એકદમ ત્રાડ પાડીને કહ્યું : 'ભુજની બજારમાં જોઈએ તેટલી જલેબી મળે છે. મને પાશેર જલેબી માટે ના પાડો છો ?'

મહારાજને કેમ કરી સમજાવવા કે આ નાનકડું જાળિયા ગામ છે. ભુજ તો કેટલાય ગાઉ દૂર રહ્યું ! બધાને સૂનમૂન જોઈ મહારાજ કહે : 'જલેબી ન આવે ત્યાં સુધી જવનો પોંક લેશું ?'

ભગુજીથી બોલાઈ ગયું : 'પ્રભુ ! આસો મહિનામાં જવ ક્યાંથી હોય !'

ફરી મહારાજ ધગેલ તાંબા જેવી લાલઘૂમ આંખો કરી કહેવા લાગ્યા : 'આવડું મોટું પૃથ્વીનું પડ છે, લાખો મણ જવ પાકે છે ને અમારે મૂઠી જવ જોઈએ છે તેમાં તમે ના પાડો છો ?'

હવે સૌએ વિચાર્યું કે મહારાજ જે માગે તેની ના ન પાડવી. હીરા ઠક્કરે મધ્યરાત્રીએ જગા બાબરિયાને તૈયાર કર્યા. બન્ને ભાયાવદર પહોંચ્યા. ત્યાંના દરબાર ઝીણાભાઈને જગાડ્યા ને બધી વાત કરી. ઝીણાભાઈ કહે : 'અત્યારે જલેબી ન મળે, તેમ છતાં કંદોઈ પાસે જઈએ. સૌ કંદોઈ પાસે ગયા.' 'તાજી જલેબી મળશે ?' એમ પૂછતાં જ કંદોઈ કહે : 'આથો નાખેલો તે હવે તૈયાર થઈ ગયો છે. ભગવાન જમતા હોય તો મારાં એવાં ભાગ્ય ક્યાંથી !'

તેણે ઝટપટ જલેબી તૈયાર કરી દીધી.

આ બાજુ બાજરાનો પોંક તૈયાર કરી ભગુજીએ કહ્યું કે જવનો પોંક આવી ગયો છે.

મહારાજ રાજીપે જલેબી ને પોંક જમવા લાગ્યા !

જમતાં જાય ને ભગુજીને કહેતા જાય : 'ભગુજી ! તું મને જગાડતો રહેજે. જમતાં જમતાં અમે ઊંઘી જઈશું તો પાછા દેહમાં નહિ આવીએ.'

આ સાંભળીને તો બાઈ-ભાઈ બધાં રડવાં લાગ્યાં. પણ આનંદ એ હતો કે ૧૩ ઉપવાસ પછી મહારાજે જવ ને જલેબી અંગીકાર કર્યાં !

મહારાજે જે કંઈ ચરિત્ર કરતા તે સભાનપણે કરતા. શ્રેષ્ઠ અદાકાર જેમ હૂબહૂ પાત્ર ભજવે તેમ પોતાનો સહેજ પણ પરભાવ જણાવા દેતા નહિ !

અમુકવાર તો એવી આજ્ઞા કરે કે એ પાળવી કઠણ પડે. એક વખત તો મહારાજ કહેતા કે તમે અમારું માનતા નથી તેથી તમારો મોક્ષ નહિ થાય, જમપુરીમાં જશો..

સંતો-ભક્તો હાથ જોડી નતમસ્તક થઈ સાંભળી રહેતા. પોતાને વિષે અનન્ય ભાવ રાખનાર ભક્ત પર કેવળ કરુણાએ કરીને તન પડી જાય એવી માંદગીમાં પણ પોતે તન રાખ્યું ! રસોઈ જમ્યા તેથી તાવ ઓછો થયો. હવે ધીમે ધીમે તાવ જશે એવી શ્રદ્ધા સૌને બેઠી.

ધીરે-ધીરે નિંદ્રા ગ્રહણ કરી. પંદરમે દિવસે તાવ બિલકુલ ન આવ્યો. છેલ્લા બે દિવસથી થોડું થોડું અન્ન ઉદરમાં પડતું તેથી શક્તિનો સંચાર થવા લાગ્યો હતો. પણ શરીર તો સાવ સૂકાઈ ગયું હતું. આજે તો મહારાજે સામેથી નાહવાની ઈચ્છા દર્શાવી ને વાડાના ચોકમાં ખાટલો ઢળાવ્યો.

મહારાજ કહે : "આજ તો બધા દિવસનું સાટું વાળવું છે સો બેડા જળથી નાહવું છે. પાણીનો રેલો ઠેઠ વેણુ નદીમાં પહોંચવો જોઈએ. ગંગા લાવતો નાહીએ."

બધાને કહ્યું : 'આ વળી આફત આવી. માંડ

તાવ હટ્યો છે ને સો બેડાં જળ શરીર પર ઢોળશે તો હાડમાં કફ ભરાઈ જશે. પરંતુ મહારાજની રુચિ હતી તેથી કોઈ કંઈ ન બોલ્યું. મહિલા ભક્તો વેણું નદીમાંથી બેડે બેડે પાણી વહેવા લાગ્યાં. એક-બે-ત્રણ એમ કરતાં દસ બેડાં પાણી મહારાજની શરીર પર પડ્યું. હીરાભાઈએ કળ વાપરી ખાટલા નીચે વાસણ મૂકી મહારાજનું સ્નાનજળ ઝીલી લીધું. એ પાત્ર લઈ એક હરિભક્તને વેણું નદી તરફ દોડાવ્યો. ત્યાં મહારાજ બોલ્યા : વેણુંમાં રેલો પહોંચ્યો કે નહી !'

ભગુજી કહે : 'પહોંચી ગયો, મહારાજ !'

'એમ ! તો હવે અમે પણ સાજા થઈ ગયા !'

સ્નાનક્રિયા વિરમી. બ્રહ્મચારીએ મહારાજનું શરીર હળવા હાથે લૂછ્યું. કોરાં સફેદ વસ્ત્ર પહેરાવ્યાં. થોડી રાબ અંગીકાર કરી મહારજ પોઢી ગયા.

સાંજે કહે : 'ગાડું તૈયાર કરો, અમારે ગઢડા જવું છે.'

હીરાભાઈ કહે : 'અમે તો મંદવાડ સુધી રોકાવાનો વાયદો કરેલો તે પૂરો થયો, હવે ન રોકાવાય.'

મહારાજ ઝટ નીકળવા અધીરાઈ કરવા લાગ્યા. ગાડું આવ્યું. રાળ પાથરી ગાદલાં-ઓશિંકા ગોઠવ્યાં. તકિયા મૂક્યા. મહારાજને ઊંચકીને ધીમેથી પોઢાડ્યા. પણ તરત કહેવા લાગ્યા : 'આ ગાડું સાકડું છે. બે બાજુએથી ખેંચો ને પહોળું કરો.'

ભગુજીએ મહારાજનો બોલ ઝીલી લીધો. નાજા ભક્તે અને પોતે મળીને જોરથી ગાડું ખેંચ્યું. થોડીવાર પછી મહારાજ કહે : 'હં... હવે, સરખું થયું.'

ગાડું ચાલતાં કિચડુડ અવાજ થવા લાગ્યો. મહારાજ ઝબકીને બેઠાં થઈ ગયા ને બોલવા લાગ્યા : 'દગો...દગો... ગાડું જલ્દી ઊભું રાખો, આમાં દંગો છે...'

ગાડું ઊભું રહ્યું. સેવકોએ મહારાજને ધીરેથી નીચે ઉતાર્યા, ને ઝીલી રાખ્યા. મહારાજ કહે : 'ઝાલીને શું ઊભા છો ! ડોળી લાવો.'

તરત જ ગામમાંથી ડોળી લાવ્યાં. મહારાજ તેમાં બિરાજ્યા ને આગળ ચાલ્યા. મુક્તાનંદ સ્વામીને થયું કે મહારાજ હજુ સાજા થયા નથી, નહિ તો આવી ચેષ્ટાં ન કરે. તેઓ સૂનમૂન ચાલ્યા આવતા હતા. મૂરખડા ગામ થોડે છેટે રહ્યું ત્યાં તો ડોળી ઊંચકનારાઓ થાકી ગયા, ને ડોળી જમીન પર મૂકી દીધી.

મહારાજ કહે : 'શું થયું ?'

ભગુજી કહે : 'ઊંચકનારાને ભાર લાગ્યો છે તે જરાક વિસામો લે પછી ચાલીએ.'

મહારાજ કહે : 'એમાં ભાર શાનો લાગે ? અમે તેર દિવસથી તો કાંઈ જમ્યા નથી !' ફરી ભગુજીએ ને નાજા જોગિયાએ પણ કાંધ દીધી. આમ, સૌ મૂરખડે ગામ પહોંચ્યા. અહીંના લવજી લુવાણા મહારાજના ભક્ત હતા.

તેમને મહારાજે કહ્યું : 'આ ડોળી ઊંચકીને લાવ્યા છે તેને ઘી-ગોળ જમાડો.'

મહારાજની આજ્ઞા એટલે પૂછવું શું ! ચારેયને ઘી, ગોળ ખવડાવ્યાં. અહીં મહારાજને રોકાવા તાણ કરી પણ મહારાજ રોકાયા નહીં. ઉપલેટા પહોંચ્યા, ને આમલીની ઘટામાં ઉતર્યા. વૃક્ષ પર વેંત-વેંત લાંબા આમલીના કાતરા જોઈ મહારાજે તે મંગાવ્યા તે ખૂબ જમ્યા.

આમલીના કાતરાથી પેટ ભરીને બોલ્યા : 'હવે રોગ થયો. અહીંથી મહારાજ ઉપલેટા પધાર્યા.' ઉપલેટાથી મહારાજ ઝાંઝમેરની ખજૂરીઓમાં ઊતર્યા. અહીં જાળિયાથી નગો બાબરિયો આવ્યો હતો. તેણે હીરા ઠક્કરને ત્યાં મહારાજની સેવાનો લાભ લીધેલો પણ મહારાજને તેને મનુષ્યચરિત્ર જોઈ તેને શંકાઓ થવા લાગી હતી. અહીં મહારાજે તેને પ્રેમથી બોલાવ્યો ને દૃષ્ટિ કરી. એ જ વખતે તેને અક્ષરધામમાં વિરાજમાન દિવ્ય-મનોહર શ્રીજી મહારાજનાં દર્શન થયાં. એ જ મૂર્તિ વિરાટ બનીને સર્વત્ર વ્યાપી રહી. નગો તો ગભરાઈને ભાગવા લાગ્યો.

મહારાજની મરજીથી પાર્ષદોએ તેને ઝાલી લીધો.

મહારાજે પોતાનું દિવ્ય સ્વરૂપ સંકેલી લીધું. નગો મહારાજના ચરણોમાં મસ્તક મૂકી કહેવા લાગ્યો : 'જાળિયામાં આપની લીલા જોઈને મને સંશય થયો હતો પણ આજે સત્ય સમજાયું છે. આપ તે પરમ દિવ્યમૂર્તિ છો. કેવળ કરુણાએ કરીને અમારા જેવાં થયાં છો. અમને આપનામાં દૃઢ હેત થાય એટલા માટે જ આવાં ચરિત્રો કરો છો, આપની લીલા અકળ છે...' મહારાજ ગોંડલ, બંધિયા, પીપળી સુધી ડોળીમાં બેસીને પધાર્યા હતા. અહીંથી ગાડામાં રાયપુર ત્રિકમ રાજગોરને ઘરે રાત રહ્યા.

સવારે રાજગોરના ગાડામાં બેસીને કરિયાણા આવી રસોઈ જમ્યા. ત્યાંથી બળદમાં એવી શક્તિ મૂકી ગાડું દોડાવ્યું કે સંઘ બધો પાછળ રહી ગયો. એ વખતે ગોવાળિયા અટકના બે માથાભારે કાઠી જેઠો અને મહેરામણ સૌને લૂંટતા ફરતા. બન્નેના હાથમાં ભાલા ચમકતા હતા.

મહારાજ જાણી ગયા કે આ સીમમાં બન્ને કાઠીઓની ખૂબ રંજાડ છે. ગાડું હાંકનાર રાજગોર હોઈ કાઠીના એ ગોર થાય તેથી મહારાજને તેમને કહ્યું : 'તમે કંઈ બોલશો નહિ તે ક્યારેય રાજગોરની લાજ લેતા નથી. એટલે તમારી ઓળખાણ દેજો. વધુ પૂછશે તો તમે જવાબ આપીશું..'

ત્રિકમ કહે : 'પ્રભુ ! હવે તો લાજ બધી તમારા હાથમાં છે, આ કાળમુખા કોઈને છોડે તેવા નથી. ને વળી આપણા પાર્ષદો તો બહુ પાછળ રહી ગયા છે.'

મહારાજ કહે : 'જ્યારે કામ પડ્યું ત્યારે જ શૂરવીર કામ લાગ્યા નહિ ! પછી આવીને શું મોઢું દેખાડશે !' એટલામાં તો બોકાની વાળેલા તે બન્ને કાળઝાળ કાઠીઓએ હાકલ કરી : 'જે હોય તે ગાડું ઊભું રાખો.' મહારાજ તો મોં પર ઓઢીને સૂઈ ગયા હતા !

ત્રિકમ કહે : 'બાપુ ! મને ન ઓળખ્યો ! હું રાયપુરનો રાજગર !'

જેઠો કહે : 'ગાડું તારું છે, પણ અંદર કોણ સૂતું છે ? જે હોય તે અમારે તેની પાસેથી ખર્ચી લેવી છે. અમારે એમ કે સ્વામિનારાયણ તારા ગાડામાં જાય છે, એમ જાણીને દોડીને આવ્યા પણ ખાલી પડ્યા !' માણીગર ભૂમિ પર કૂદી પડ્યા. તેનો ધુબાકો તોપ જેવો થયો. બન્ને કાઠીઓ સામે તલવાર ખેંચીને ઊભા રહ્યા અને બોલ્યા : 'આવો, ખર્ચી આપીએ. તમે સ્વામિનારાયણ કહો છો તે અમો જ છીએ.'

બન્ને ભડવીર હતા પણ મહારાજનાં આ પ્રથમ દર્શને જ ગાત્ર ગળી ગયા. છતાં બળમાં બોલ્યા કે, 'શું થાય ? અમારી બંદૂક સાથે નથી નહિતર ખર્ચી લીધા વિના ના જઈએ.'

'ભલે તમારી પાસે નથી, પણ અમારી પાસે બંદૂકો તૈયાર છે, તે પાછળ આવે છે, ઘડીક વિસામો લો, એટલે ખર્ચી પણ મળશે.' મહારાજ નિર્ભીકપણે બોલતા હતા.

જેઠો ને મેરામણ નીચી મૂંડીએ મૂછો ચાવતાં ચાલી નીકળ્યા.

થોડીવાર પછી ભગુજી વગેરે આવ્યા. મહારાજ કહે : 'જોઈ તમારી ચાકરી, હમણાં જ જેઠો-મેરામણ ગયા, તમે સમય પર કામ ન આવ્યા ! હવે તમારું શું કામ !'

સોમલો ખાચર કહે : 'મહારાજ ! એ બન્ને તો અમનેય મળેલા ને તમે ગાડામાં છો તે વાત પણ અમારી પાસેથી જ જાણી હતી. એને તો ભગુજીનું નામ દો તોય ભાગવા માંડે. અમને શી ખબર તમારી પાસે ખર્ચી માંગશે !'

ગઢડા સુધી એ જ બધી વાતો ચાલી. સૌએ મહારાજને તદ્દન સ્વસ્થ ને તાજા નિહાળ્યા ! સેવકો-પાર્ષદોને થયું : 'મહારાજ તો મહારાજ છે. એમને કોઈ પદાતી-પાળાની કે સેવક-સરભરાની જરૂર નથી ! એમને કોઈ રોગ પણ સ્પર્શી શકતો નથી. કેવળ પોતાના પ્રેમી ભક્તોની ચિત્તવૃત્તિને પોતાના સ્વરૂપમાં લીન કરી દેવા જ પોતે આવી અનેક પ્રકારની લીલાઓ ગ્રહણ કરે છે, કારણ કે પોતે સર્વતંત્ર-સ્વતંત્ર છે.'

# અનુપમ સાધના : કથા શ્રવણ (ભાગ –૨)

# કથા તો સાંભળી, પણ પછી શું ?

કદાચ કેટલાક કથા સાંભળતા હશે, તેમને મોટા ભાગની કથા યાદ પણ રહેતી હશે, અથવા તો તેના મુદ્દા પણ નોંધતા હશે. પરંતુ કથાશ્રવણ પછી જે કરવાનું છે, તે ઘણીવાર નથી થતું.

કેટલું ખાધું એ મહત્ત્વનું નથી. પરંતુ તેમાંથી કેટલું પચ્યું એ મહત્ત્વનું છે. ખાધેલું પચે તો જ તેમાંથી શરીરને શક્તિ અને સ્ફૂર્તિ મળે. તેમ કેટલી કથા સાંભળી એ મહત્ત્વની વાત નથી, પરંતુ કથા કેટલી આત્મસાત્ થઈ એ વધારે મહત્ત્વનું છે.

દરરોજ કેટલા કલાક ચાલ્યા એ મહત્ત્વનું નથી, પરંતુ સાચી દિશામાં અંતર કેટલું કાપ્યું એ મહત્ત્વનું છે. ઘણીવાર દિશા જ ખોટી હોય અથવા તો દિશા સાચી હોય પણ ત્યાં જ જોગિંગ (એક જગ્યા પર ઊભા દોડવું) કરતા હોય તો લક્ષ્યસ્થાને ન પહોંચાય. તેમ કથાશ્રવણ પછી સાચી દિશામાં કેટલા આગળ વધ્યા એ વધારે મહત્ત્વનું છે. તો કથાશ્રવણની સાર્થકતા થઈ કહેવાય...

ગોપીચંદ અને તુલસીદાસને એક શબ્દની ચોટ લાગી, અસર થઈ તો જીવન બદલાયું.

'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ,
જેણે શબ્દ વિચાર્યા, તેનાં સર્યાં કાજ.'

કથાશ્રવણ સાચા અર્થમાં સાર્થક બને એ માટે કથાશ્રવણ પછી જે કરવાનું છે તે વાત વચનામૃત સારંગપુર-૩માં મહારાજ સમજાવે છે.

સાક્ષાત્કાર અને શ્રવણ વચ્ચેના બે અગત્યના પગથિયાં છે :

(૧) મનન (૨) નિદિધ્યાસ.

(૧) મનન :

શ્રીજી મહારાજ સમજાવે છે કે, 'જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરી જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલાનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે, તેને મનન કહીએ.'

કથાશ્રવણ પછી કથાનું વિશ્લેષણ (એનાલિસીસ) કરવાની જરૂર છે. મહારાજ કહે છે કે, 'કથામાંથી જે ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો.'

અહીં આપણને પ્રશ્ન હોય કે કથામાં ત્યાગ કરવા યોગ્ય હોય છે ખરું ?

તેનો ઉત્તર છે 'હા.' કારણ કે કથા તો અનેક પ્રકારના જીવોને અનુલક્ષીને થતી હોય છે. શ્રોતાઓ બધા એક જ કક્ષાના નથી હોતા. તેમાં કેટલાક

(૧) પામર - જેને સત-અસતનો વિવેક જ નથી.

(૨) વિષયીસ - એટલે કંઈક અંશે વિવેકી છે પણ પંચવિષયમાં આસક્ત છે.

(૩) મુમુક્ષુ - આસક્તિનો ત્યાગ કરીને જેને મોક્ષની ઈચ્છા છે.

(૪) મુક્ત - માયા, સ્વભાવો કે દોષોથી જે મુક્ત થયો છે.

આ બધા પ્રકારના શ્રોતાઓમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ ભેદ છે. વળી, પ્રત્યેકમાં શ્રદ્ધા, ખપ, ઈશક વગેરે વિભિન્ન પ્રકારનાં છે. તેમજ પ્રત્યેકનાં અંગો પણ જુદાં જુદાં છે. કેટલાકને દાસત્વનું, તો કેટલાકને પતિવ્રતાનું, તો કેટલાકને આત્મનિષ્ઠાનું અંગ હોય. એવી જ રીતે નવધા ભક્તિમાંનાં પણ દરેકના અંગો જુદા જુદા હોઈ શકે. આમ કથાનો એક જ શબ્દ અનંત પ્રકારે શ્રોતા ગ્રહણ કરે છે.

તેથી કથાવાર્તામાંથી પોતાની જે કક્ષા હોય, પોતાનું જે અંગ હોય તેને પુષ્ટ કરતા હોય, તેમાં કંઈક સુધારો કરતા હોય, તેમાં કોઈક રીતે આગળ વધવાની

પ્રેરણા આપતા હોય એવા શબ્દો ગ્રહણ કરવા.

આ વાક્ય વાંચો :

અમેરીકાના નિષ્ણાતોએ તાજેતરમાં જ એક કેન્સર અંગેનું તારણ બહાર પાડ્યું છે : "જે વ્યક્તિની કાનની બૂટ ગાલ સાથે ચોંટેલી હોય, તે તમાકુ ન ખાતો હોય તોપણ તેને કેન્સર થવાની શક્યતાઓ વધુ છે."

આ વાત વાંચી કે સાંભળીને તરત જ આપણને આપણા કાનનો વિચાર આવ્યો હશે કે મારો કાન કેવો છે?

આને સ્વલક્ષી વાંચન કે શ્રવણ  કહે છે. કથામાં જ્યારે શબ્દો સાંભળીએ ત્યારે આ જ રીતે દરેક ઉપદેશને પોતા પર લઈ મારા જીવનમાં આમાંથી કેટલું છે, એ પ્રકારે વાંચવું કે સાંભળવું. એટલે કે પોતાની જાત સાથે પ્રત્યેક શબ્દો મનન માટેનું પહેલું પગથિયું બને છે.

બંધબેસતી  પાઘડી પહેરવી :

"શું આ મને લાગુ પડે છે ?" આ પ્રશ્ન સમગ્ર કથા દરમ્યાન સતત પોતાને પૂછતા રહેવું. આને કહેવાય બંધબેસતી પાઘડી.

બીજા શબ્દો બીજા માટે છે એમ માનીને, અથવા એ શબ્દો હમણાં પોતાના માટે નથી, પણ એ પ્રકારની કક્ષા આવશે ત્યારે જરૂર પડશે, એમ માનીને એ શબ્દોનોહાલ પૂરતો વિચાર નહીં કરવાનો. એ અર્થમાં મહારાજ અહીં ત્યાગ કરવાનું કહે છે.

કથા બાદ : અંતર્દૃષ્ટિ

દરેક વ્યક્તિએ પોતાની જાત-તપાસ કરીને એ શોધવાનું રહે કે પોતાની કક્ષા કઈ છે ? પોતાનું અંગ કયું છે ? પોતાના અંગમાં પણ પોતે ક્યાં સુધી ગતિ કરી છે ? કેટલું કામ થયું છે અને કેટલું કામ બાકી છે ? આ અંતર્દૃષ્ટિપૂર્વક વિચાર કરીને પણ અત્યારે પોતાને કયા શબ્દો અથવા કઈ વાત પોતાની સાધનામાં કંઈક અંશે આગળ વધવા માટે ઉપયોગી થઈ શકે તેમ છે, તેનો નિર્ણય કરીને એવા મુદ્દાઓને જુદા તારવીને નોંધવા - આ પ્રક્રિયાને મનન કહેવાય.

આ સાધના દરેક મુમુક્ષુએ વ્યક્તિગત કરવી જ પડે. તો જ પોતાને કથાના એ શબ્દોની ચોટ લાગે. અર્થાત્ કથાની અસર થાય.

મનન પછી હવે શું કરવાનું છે ? તે મહારાજ સમજાવે છે.

(૨) નિદિધ્યાસ :

શ્રીજી મહારાજ કહે છે, 'જે વાર્તા નિશ્ચયે કરીને મનને વિશે ગ્રહણ કરી હોય, તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ.'

એટલે 'મનન' દ્વારા પોતાના માટે અત્યારે પોતાની આ કક્ષાએ આગળ વધવા માટે આ જ વાત ઉપયોગી છે, એવો જે નિર્ણય કર્યો છે તે વાતનું વારંવાર ચિંતન કરવું, તેનું પુનરાવર્તન કરવું, તેનું નિત્ય અનુસંધાન રાખવું. એ વગર એ વાત આત્મસાત  ન થાય. જ્યારે કથા સાંભળીએ, અથવા તો કથાશ્રવણ પછી મનન કરીએ, પણ તેનો નિદિધ્યાસ કર્યા વગર ખરા સમયે ભૂલી જવાય છે, તેથી એ વખતે વર્તાતું નથી. કારણ કે એ વાત જીવનમાં દૃઢ થઈ. જેમ કે, ક્રોધ ન કરવો, અભાવ-અવગુણની વાત ન કરવી, ન સાંભળવી, હાલતાં-ચાલતાં ભજન કરવું, ભજન કરતાં કરતાં ક્રિયા કરવી... આ બધું સાંભળીએ, વાંચીએ પણ જીવનમાં દૃઢ થયું નથી તેથી સમય આવતાં એ પ્રમાણે વર્તવાનું ભૂલી જવાય છે. માટે આ વાતનું વારંવાર ચિંતન જરૂરી છે.

કોઈ પણ કળાનો વારંવાર અધ્યાસ કર્યા વગર આત્મસાત્ ન થાય. ક્રિકેટમાં બોલિંગ માટે, તબલાં કે હાર્મોનિયમ શીખવા માટે, કોમ્પ્યુટર કે રસોઈ શીખવામાં નિષ્ણાત થવા માટે, એ કળા હસ્તગત થાય, આત્માસાત્ થાય તે માટે કેટલી પ્રેક્ટિસ નિયમિતપણે કરવી પડે ? સંગીતની નિત્ય નિયમિત પ્રેક્ટિસ કરે તો તેમાં નિષ્ણાત થવાય.

એક દિવસ પ્રેક્ટિસ કરવાનું ભૂલી જવાય,

અથવા તો આળસ-પ્રમાદને લીધે ન કરે તો ઘણી ખોટ જાય. ઘણા દિવસની પ્રેક્ટિસ પર પાણી ફરી વળે.

તેમ આ અધ્યાત્મ વાતનો પણ નિત્ય અભ્યાસ કરવો પડે. નિયમિત દરરોજ તેનું ચિંતન કરવું પડે. જો નિયમિત ન કરે તો એક સ્થળે પાણીનો ઘડો ઢોળીએ. પછી પંદર દિવસ કે મહિનો ત્યાં પાણી ન નાખે તો તે સૂકાઈ જાય. પણ જો ધીમે ધીમે પાણીની નાની ધાર પણ નિત્ય વહેતી હોય તો ત્યાં પાણી ભરાય. (વચ. પ્ર. ૨૩) એમ આ વાતનું નિરંતર અનુસંધાન હોય તો આત્મસાત્ થાય અર્થાત્ એ વાતનો સાક્ષાત્કાર થાય.

(૩) સાક્ષાત્કાર :

શ્રીજી મહારાજ કહે છે : 'તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભળી આવે તેને સાક્ષાત્કાર કહીએ.'

આપણાં નામ-ગામ-જ્ઞાતિનો જેમ સાક્ષાત્કાર થયો છે તેમ આ વાતનો પણ સાક્ષાત્કાર થઈ જાય.

વળી, શ્રીજી મહારાજ 'વચનામૃત સાંરગપુર-૩ અને ગ.અં. ૨૭'માં આગળ વાત કરે છે કે, આ રીતે આત્મા-પરમાત્માનું પણ શ્રવણ, મનન, નિદિધ્યાસન કરે તો તેનો પણ સાક્ષાત્કાર થાય.

શંકરાચાર્ય કહે છે કે, 'શ્રવણ કરતાં સો ગણું મનન કરવું જોઈએ, અને મનન કરતાં હજારગણું નિદિધ્યાસન કરવું જરૂરી છે. તે વગર એ વાતનો સાક્ષાત્કાર ન થાય.'

શ્રીજી મહારાજ અહીં જેમ શ્રવણ પછી મનન અને નિદિધ્યાસન કરવાનું કહે છે, તેમ જ ભગવાનના દર્શન પછી પણ મનન-ચિંતન અને નિદિધ્યાસન કરવાનું કહે છે. દર્શન કર્યા પછી પણ જો મનન-ચિંતન કે નિદિધ્યાસન ન હોય તો તેનો પણ સાક્ષાત્કાર ન થાય.

એટલા જ માટે મહારાજ વચ.ગ.પ્ર. ૩, ગ.પ્ર. ૩૮, ગ.મ. ૩૫ અને ગ.મ. ૫૮માં પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રોમાં મનને ગૂંચવી મૂકવાની વાત કરે છે. અર્થાત્ જે જે ચરિત્રોનાં દર્શન કર્યાં છે, તેમાં જ મનને નિમગ્ન રાખવું.

એમનાં ચરિત્રમાં એમનો અભિપ્રાય, સિદ્ધાંત હોય. આપણને વર્તાવવાનો આદેશ પણ હોય, ઉપદેશ પણ હોય, પરંતુ જો તેનું ચિંતન ન કરીએ તો તેને ભૂલી જવાય.

શ્રીજી મહારાજ અહીં કહે છે : 'શ્રવણ અને દર્શન પછી મનન, ચિંતન અને નિદિધ્યાસ વગર લાખ વર્ષ સુધી શ્રવણ કે દર્શન કરે તોપણ તેનો સાક્ષાત્કાર ન થાય અને સાક્ષાત્કાર વગર શ્રીજી મહારાજ વચ. અં. ૨૭માં કહે છે કે, આત્મા-પરમાત્માનું સુખ ન આવે.'

શ્રીજી મહારાજના પરમહંસો મહારાજનાં ચરિત્રો કેવી રીતે યાદ રાખીને ચિંતવન કરતાં, તેની નોંધ 'ભક્તચિંતામણિ'માં નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રમાણે કરી છે :

- એવી લીલા અલૌકિક કીધી, પછી સંતને શીખ જ દીધી;
સંત ચાલ્યા, ગયા ગુજરાત. કરતા લીલાની સુંદર વાત.
- ખાતાં, પીતાં, સૂતાં, સ્વપ્નામાં, કરે મનન લીલાનું મનમાં;
જ્યારે સૂતા થકી જન જાગે, ધન્ય ધન્ય નાથ કહેવા લાગે.
- જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાંય, પ્રભુ વિના સાંભારે ના કોય;
જે જે લીલા કીધી ભગવાને, સંત ચિંતવે તે નિત્ય ધ્યાને.
- જ્યારે ધ્યાનમાં બેસે છે જન. જોઈ મૂર્તિ થાય છે મગન;
આવ્યો આનંદ માય ન મન, પછી ગાવા લાગ્યા કીરતન.
(ભક્તચિંતામણિ)

શ્રીજી મહારાજથી માંડીને આજ સુધી ઘણા સંતો-ભક્તો શ્રવણ-દર્શન પછી મનન-ચિંતન અને નિદિધ્યાસનનો નિયમિત અભ્યાસ કરે છે. તો તેમને કથા અને દર્શનની સહેજે જ સ્મૃતિ રહે છે. આપણે પણ આ માટેનો પ્રયત્ન કરીએ. કારણ કે પ્રયત્ન વગર લાખ વર્ષે પણ સાક્ષાત્કાર નહીં થાય.

# કાચી કેરી

- શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજી



એક હતો છોકરો. એનું નામ રમેશ. રમેશ ભણવામાં હોશિયાર હતો. શિક્ષક જે શીખવે તે ધ્યાન દઇને સાંભળે, ને ભણે. એના જ વર્ગમાં એક બીજો વિદ્યાર્થી હતો. એનું નામ ચંદુ. રમેશને ચંદુની દોસ્તી થઇ ગઇ. બેઉ સાથે રમે ,સાથે ફરે.

પણ ચંદુને એક કુટેવ હતી-માવો ખાવાની. એની સોબતથી રમેશ પણ માવો ખાતો થઇ ગયો. માવાની ખરાબ તલપમાં એનો અભ્યાસ બગડવા લાગ્યો. એ ભણવામાં પાછો પડ્યો.

રમેશની માએ વિચાર કર્યો કે છોકરાને સીધે સીધું દોસ્તી છોડવાનું કહીશ તો એ માનશે નહિ અને હઠ પકડશે. તેથી તેણે એક યુક્તિ કરી. તેણે એક દિવસ રમેશને અખરોટ આપી કહ્યું : 'બેટા, આ અખરોટ તું તારા દાંતથી તોડીને ખાઇ શકીશ ?' રમેશને અખરોટ બહુ ભાવે, તેણે કહ્યું : ' અખરોટ શું, કાચા ચણા ચાવી ખાઇ જાઉં એવા મારા મજબૂત દાંત છે'.

માએ કહ્યું : 'તો તો બહુ સરસ ! તને કાચી કેરી પણ ભાવે છે ને ? તો લે, આ કેરી ખા !' આમ કહી માએ એને કાચી કેરી આપી. રમેશ ખુશ થઇ ગયો. તે તેજ વખતે કાચી કેરી ખાઇ ગયો. પછી માએ વહાલ કરી કહ્યું : 'લે, બેટા, હવે આ ભાત ખા ! આજે ખાસ તારા માટે કેસરિયો ભાત કર્યો છે.' રમેશ ભાત ખાવા બેઠો, પણ કાચી કેરી ખાવાથી દાંત ખાટા થઇ ગયા હતા, તેથી એ ભાત ખાઇ શક્યો નહિ. તેણે કહ્યું : 'મા, મારાથી આ નહિ ખવાય !'

માએ કહ્યું : 'કેમ, એકાએક શુ થયું ? તું દાંતથી અખરોટ તોડી નાખે છે, અને તું કહેતો હતો કે હું કાચા ચણા પણ ચાવી જાઉં એવા મારા દાંત મજબૂત છે, અને આ પોચો ભાત નથી ખાઇ શક્તો ?'

રમેશે કહ્યું :'ખાઇ શકું, પણ મેં હમણાં કાચી કેરી ખાધી ને, એટલે આમ થાય છે!'

માએ કહ્યું 'એનો અર્થ એ કે તારા દાંતને કાચી કેરીનો સંગ નહોતો કરવો જોઇતો, તોયે કર્યો, તેથી આવું બન્યું ! જેનો સંગ ન કરવો જોઇએ એનો કરીએ તો આવું બને છે, તારું ભણતર આજે બગડ્યું છે, તે બગડવાનું પણ આજ કારણ છે. તારે માવો ખાનાર ચંદુનો સંગ નહોતો કરવો જોઇતો, છતાં તેં કર્યો, તો તારું ભણતર બગડ્યું !'

રમેશ થોડીવાર વિચારમાં પડી ગયો.

પછી તેણે કહ્યું : 'પણ મા, મેં જેમ ચંદુનો સંગ કર્યો, તેમ ચંદુએ મારો સંગ કર્યો, તો મારી અસર એના પર કેમ ન થઇ ?' માએ કહ્યું : 'એમાં તો એવું છે ને,બેટા, કે સારા કરતાં ખોટાની અસર વહેલી થાય છે, સારું હોય તે ધીરે ધીરે કામ કરે છે, અને ભૂંડૂં છે તે જલદી કામ કરે છે, ચિત્ર દોરતાં વાર લાગે છે પણ એના પર શાહી ઢોળતાં વાર લાગતી નથી!'

માની વાત રમેશ બરાબર સમજી ગયો. તેણે ચંદુની દોસ્તી છોડી દીધી, એટલે માવો તો ગયો જ. થોડા દિવસ પછી ચંદુ પોતે રમેશની પાસે આવ્યો ને બોલ્યો : 'મારે તારી દોસ્તી જોઇએ છે.' ત્યારે રમેશે કહ્યું :' માવો ખાય એવો દોસ્ત મને ન જોઇએ !'

ચંદુએ કહ્યું : 'તો આજથી માવો ખાવો બંધ !'

રમેશે કહ્યું : 'મન દઇને ભણે નહિ એવો દોસ્ત પણ મારે ન જોઇએ !'

ચંદુએ કહ્યું : 'હું મન દઇને ભણું, પણ તારે મને એમાં મદદ કરવી પડે.'

રમેશે કહ્યું : 'દોસ્તને મદદ નહિ કરું તો કોને કરું ?'

આમ ફરી પાછી બેયની દોસ્તી થઇ ગઇ. આ વખતની દોસ્તીથી બેઉને ફાયદો થયો. રમેશની સાથે ચંદુ પણ ભણવામાં આગળ વધ્યો. બેન્નેની માતાઓને સુખ થયું.

બાળ મિત્રો, વ્યસન એ કાચી કેરી જેવું છે. કાચી કેરી જેમ ગમે તેવા સારા દાંતને પણ ખાટ્ટા કરી દે છે, તેમ વ્યસન સારા માણસને પણ વ્યસની કરી દે છે. માવો, તમાકુ, ભાંગ, ગુટકા, બીડી, દારૂ-આ બધા વ્યસનો છે. ઘનશ્યામમહારાજના બાળકોએ આ વ્યસનોથી કાયમ દૂર રહેવું જોઇએ. સદ્ગ્રંથો વાંચવાથી, સંત પુરુષોનો સંગ કરવાથી, ભગવાનનું નામ સ્મરણ અને કીર્તન કરવાથી વ્યસનોથી દૂર રહેવાની શક્તિ આવે છે. આથી ચાતુર્માસમાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બતાવેલા આઠ નિયમોમાંથી એકાદ નિયમ જરૂર લેજો. તથા કંઇ વ્યસન જેવી કુટેવ હોય તો તે છોડવાનો પણ નિયમ લેજો.

અને બાલમંચમાં સંતોએ આપેલ નિયમ કે બજારુ કંઇ પણ વસ્તુ ખાવી નહિ તે જરુર પડજો.

જય શ્રી સ્વામિનારાયણ !

# સેવા

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા, અમદાવાદ

શ્રીહરિ સમીપે નિરંતર વાસ કરવો હોય તો 'સેવા' એ સર્વોત્તમ સાધન છે. ધર્મ કે સંપ્રદાય પરત્વે કરવામાં આવતી સેવામાં ૈદ્દી કુહક્ક્ં ્ક્રી પોલીસી ન હોય. હા, એ સેવાના સકામ અને નિષ્કામ એવા બે પ્રકાર ચોક્કસ હોય છે.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજે નિષ્કામ સેવાને સર્વશ્રેષ્ઠ પદવી આપી છે. મહારાજનાં દર્શન અને કથાવાર્તાનો લાભ જતો કરીને પણ રતનજી અને મિયાજીએ લક્ષ્મીવાડીમાં સાફ સફાઈ કર્યા પછી બન્ને દરબાર ગઢમાં સભામાં આવ્યા. શ્રીજી મહારાજે સમગ્ર સભામાં એમને 'ઉત્તમ સેવક' એમ કહીને બિરદાવ્યા. આ બાજુ મુળજી બ્રહ્મચારીની અખંડ નિષ્કામ સેવાને ઉત્તમ કહીને એમના ગુણોને ઈશ્વર જેવા ગણાવ્યા. આ સર્વે ભક્તજનો માત્ર નિષ્કામ સેવા ભાવનાને વરેલા હતા. "અમારે તો મહારાજને રાજી કરવાના છે" એ જ એક માત્ર ઉદ્દેશ કે અભિગમ એમનો હતો.

સકામ સેવા એટલે સેવાનાં બદલામાં કંઈક પ્રાપ્ત કરવાની ખેવના. પછી એ સંકલ્પ હોય કે સુખ. પરંતુ આવી સેવામાં ભય એ છે કે મનમાં ધારેલો સંકલ્પ જો પૂરો ન થાય તો પરમાત્મા તથા સત્સંગ બન્નેમાંથી પાછા પડી જવાય છે.

કોઈ પણ ધર્મ હોય કે સંપ્રદાય હોય એ સેવાના અખંડ પ્રવાહથી જ ચાલતો રહે છે. પૈસો ચોક્કસપણે પરમચીજ છે અને ધન થકી જ સર્વે કાર્યનો અર્થ સરે છે. ધનાઢ્ય ગૃહસ્થ ભક્તો મંદિર કે દેવના વિવિધ ઉત્સવો માટે છૂટા હાથે ધનની સેવા જ જો ન કરતા રહે ત સમજી શકાય છે કે સત્સંગનું કોઈ પણ કાર્ય પૂર્ણ જ ન થાય ! અને એટલે જ મુખ્ય યજમાન, સહયજમાનોને સર્વ પ્રથમ બિરદાવવામાં આવે છે અને એમનાં સેવાકાર્યોની સર્વ પ્રથમ નોંધ લેવાય છે. આ એક વ્યવહાર છે અને ધને કરીને જે મોટા હોય તથા સમાજમાં જેમની પ્રતિષ્ઠા હોય એવા જે ભક્તજનો એમને હંમેશાં આગળ કરવા - શ્રીહરિની આવી આજ્ઞા પણ છે.

સેવા જેટલી નીચી, તેટલું એનું ફળ ઊંચું ગણાય છે. ઉકા ખાચરે પણ શ્રીહરિનાં દર્શન અને જ્ઞાનવાર્તા કરતાં કૂતરાએ બગાડેલું સાફ કરવાના સેવાકાર્યને પ્રથમ ગણ્યું. ઓટો સાફ કરીને, ફરીથી સ્નાન કરીને પછી સભામાં આવ્યા. શ્રીજી મહારાજે તથા સમગ્ર સભાએ એમની આ "નીચી ટહેલ"ને વખાણી !

ભગવાન કરતાંય એના ભક્તોની સેવા કરવી એ પરમાત્માને સવિશેષ પ્રિય છે. વળી સેવા કરતાં પણ એ સેવા પાછળ રહેલી ભક્તની ભાવના કે ઉદેશ્યનું મહત્વ શ્રીહરિ માટે અધિક મહત્ત્વ ધરાવે છે. ગંગાબાઈ ગરીબ હતા તો સામે જમના બ્રાહ્મણ હતી અને પૈસાદાર પણ હતા. છતાંય ગંગાબાઈનો ભાવ વધી ગયો અને મહારાજ એકલા જ એ બાઈના ઘેર ગયા. બાઈએ ભાવથી જે પણ ભોજન બનાવેલું તે શ્રીહરિએ પ્રેમપૂર્વક આરોગ્યું ! અને બાઈ જમનાનો રસાળ થાળ સપ્રેમ પાછો મોકલાવ્યો ! જેતલપુરમાં પણ અનેક પકવાનોને બાજુ પર રાખી જીવણ ભગતનો મઠનો રોટલો સામેથી માંગીને ભરી સભામાં પ્રેમપૂર્વક આરોગ્યા.

પરમાત્માને તો પહેલેથી જ વિદુરજીની ભાજી જ વધારે ગમી છે અને દુર્યોધનના ૩૨ પકવાનને તિલાંજલિ આપી છે. સુદામાના મુઠી ભર તાંદુલ અધિક મીઠાં લાગ્યા છે તો શબરીબાઈના ચાખેલાં બોર ધરાઈને ખાધાં છે ! આ સર્વે પ્રસંગોમાં ભક્તની ભાવના દીપી ઉઠી છે. "મારો ભક્ત ગરીબ છે કે વ્યવહારે દુબળો છે એ મહત્ત્વનું નથી, એની સેવાની સર્વોપરી ભાવના જ મને અદકેરી વહાલી છે."

જીવન પર્યંત જીવન નિર્વાહ માટે મહેનત મજૂરી કરતા રહીએ છીએ ત્યારે એ થકી ઉપાર્જિત થતું ધન હરહંમેશ જીવનને ગતિશીલ અને પ્રગતિશીલ બનાવે તે માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને સુંદર આજ્ઞા કરી છે. અને સાચું પૂછો તો પ્રત્યેક ગૃહસ્થી જો એ આજ્ઞાને અનુસરે તો સહજ રીતે એના જીવન વ્યવહારની ચિંતા મહારાજ પોતે જ કરતા રહે છે એમાં કાંઈ સંશય નથી.

એને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે

વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો. ॥શિ. ૧૪૭॥

દશાંશ કે વિશાંશ કૃષ્ણાર્પણ કરવાની વાત કાંઈ મંદિરના નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે નથી, પરંતુ એ થકી પોતાના આશ્રિતજનોની દ્રવ્યશુધ્ધિ કરવાનો સરળ ઉપાય શ્રીહરિએ દર્શાવ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સેવાનો બીજો એક સુંદર પર્યાય આપ્યો છે અને તે છે 'સંભાવના.'

સંભાવના એટલે આદર થકી સેવા અને તે દ્વારા સાર-સંભાળ લેવી એવો એનો અર્થ છે.

શિક્ષાપત્રી શ્લોક ૬૭, ૧૩૧, ૧૪૨ એ સર્વેમાં 'સંભાવના' ઝળહળી ઊઠે છે !

"અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી" ॥શિ. ૧૩૯॥

સેવા ભાવનાનું આ સર્વોત્કૃષ્ઠ ઉદાહરણ શ્રીહરિએ આજ્ઞા સ્વરૂપે વણી લીધું છે.

અને છેલ્લે, પરમાત્માનાં દર્શને જતા હોઈએ ત્યારે ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ અર્પણ કરવી. આ સંસ્કાર એ જ સેવા ભાવનાનું સાચું ઉદ્‌ગમ સ્થાન છે.

## રખવાળા અમારે શ્રીઘનશ્યામના કોની હવે ઓશિયાળ...

- રમણ ગજ્જર, ભુજ

દરેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે, હું જીવનમાં ખૂબ જ પ્રગતિ કરું. પણ પ્રગતિ એમ કંઈ રસ્તામાં રેઢી પડી નથી, કે તુરત જ હાથમાં આવી જાય. તે માટે તો ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક માર્ગદર્શક સિદ્ધાંતો આપણને સમજાવેલા છે. એ સિદ્ધાંતો ને વળગી રહેનાર જ પ્રગતિના શિખરે પહોંચી શકે છે.

વ્યક્તિએ સૌ પ્રથમ તો પોતે જ લક્ષ્ય હાંસલ કરવા માંગે છે, તેના માટે તનતોડ મહેનત કરવા તૈયારી રાખવી પડે છે. મારા નસીબમાં હશે તો હું આગળ વધીશ આવી ઢીલી પોચી વાતો કરનારા ઠેરનાઠેર જ રહી જાય છે.

એકાગ્ર ચિત્તે ચિંતન કરીને, પ્રબળ ઈચ્છા શક્તિને કામે લગાડનાર ભડવીરો જ ઈતિહાસનું સર્જન કરી શકે છે. ભગવાનમાં શ્રધ્ધા રાખીને પુરુષાર્થને વળગી રહેનાર, કારણ કે પુરુષાર્થમાં પોલાદી તાકાત રહેલી છે. તે માણસને એક દિ જરૂર સફળતા અપાવે જ છે જ્યાં સુધી હાથપગ જોડીને બેસી રહે ત્યાં સુધી સફળતા દૂર ને દૂર જ રહે છે. વાતોના વડા ન કરો કામ કરો.

કદાચ નિષ્ફળતાનો કાંટો વાગે તો તેને હળવેકથી કાઢી પાછું આગળ વધવું. તત્ત્વચિંતક કન્ફ્યુશિયસે કહ્યું છે કે, "ક્યારેય ન પડવું એ શક્તિની, બાહોશીની વાત નથી પરંતુ શક્તિની બાહોશીની વાત તો પડી ગયા પછી ઊભા થવામાં છે."

કામ કરતાં કરતાં સાચા ખોટા બહાનાઓ કાઢીને સમય વેડફી નાંખનાર જીવનમાં પાછળ રહી જાય છે. જે કામ હાથ પર લીધું હોય તેમાં દિલ રેડીને રચ્યા પચ્યા રહેનાર ભક્ત ઉપર જ શ્રીહરિની કૃપાદૃષ્ટિ વરસતી રહે છે. અને વહેલો કે મોડો તે નિશ્ચિત સ્થાને પહોંચી શકે છે.


જો કામ કરતાં મૂંઝવણ થાય તો શ્રીહરિને પ્રાર્થના કરવાની કે, "હે મહાપ્રભુ ! તમે અહીં પધારો અને મને માર્ગદર્શન આપો, મારા મિત્ર, ભોમિયા, માર્ગદર્શક આપ જ છો. મારા સાચા સગાં પણ આપ જ છો." અને ક્ષણનોય વિલંબ કર્યા વિના શ્રીહરિ દોડી આવે છે પોતાના ભક્તની પાસે. યાદ રાખો કે દાસના દુશ્મન શ્રીહરિ કોઈ દિવસ હોતા નથી. માટે તો આપણે કહીએ છીએ કે ભાઈ, "રખવાડા અમારે શ્રીઘનશ્યામના" અમે કોઈનાય ઓશિયાળા નથી જ.

હેનરી ફોર્ડ કહ્યું છે કે, "ધનના અભાવ કરતાં પણ શક્તિના અભાવથી જ મોટે ભાગે અસફળતા મળે છે." અને તે શક્તિ આપનાર સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે હાજરા હજુર છે.

# સત્સંગ સમાચાર દેશ

## ભુજ મંદિરના પટાંગણમાં ગુરુપૂર્ણિમા નિમિતે ત્રિ-રાત્રીય સત્સંગ સભા યોજાઈ

આપણી ભારતીય સંસ્કૃતિ અનુસાર "આચાર્ય દેવો ભવ :" - આ ભાવ સાથે સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વ વ્યાપક એવા ભગવાનનું પૂજન તેમજ સમર્પિત ભાવ સાથે પર્વ પ્રસંગે ગુરુનું પૂજન કરવામાં આવે છે.



ગુરુપૂર્ણિમા પર્વને અનુલક્ષીને દર વર્ષની જેમ આ વર્ષ પણ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના સહયોગ અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, ભુજના યજમાનપદે સર્વ હરિભક્તોને ધાર્મિક અને સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃત કરવાના ઉમદા ઉદેશથી "ત્રિ-રાત્રીય સભા"નું આયોજન શ્રીનરનારાયણદેવ સભામંડપ, ભુજ મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં "લાઈફ મેનેજમેન્ટ" વિષય પર કુટુંબ ભાવના અને સંબંધોને ટકાવી રાખવા માટેની બાબતો પર શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી દ્વારા મનનીય વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

સભાનાં પ્રથમ દિને વક્તાશ્રીએ શ્રોતાગણને ચાર અક્ષર ગોખાવ્યા - VMPA

V વિઝન M મિશન P પેશન A એક્શન

સ્વપ્ન પ્લાન લગન કાર્ય

આપણું વિઝન છે - સુખપૂર્ણ ભગવાનને પામવાનું. એ માટે પારિવારિક, સ્વયંનું અને આધ્યાત્મિક મેનેજમેન્ટ જરૂરી છે.

મનુષ્યએ જીવનમાં ત્રણ વ્યક્તિ સંતાન, દોસ્ત અને પત્ની સાથે મેનેજમેન્ટ રાખવાની શીખ આપતા વક્તાશ્રીએ કહ્યું કે ઘડપણમાં સંતાન, મુસીબતમાં દોસ્ત અને ગરીબાઈમાં પત્ની ઓળખાય છે. આજના યુવાધનને ટકોર કરતાં વક્તાશ્રીએ કહ્યું કે વોટ્સઅપએ સંતનું કામ કરે છે પરંતુ જો તેનો ઉપયોગ કરતા આવડે તો. જે વ્યક્તિ જીત માટે બધુ જ હારી દીધું છે તે પિતા, જેની પ્રાર્થનાથી બધું જીત્યા તે માતા. અહીંથી શરૂઆત કરવી. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે માતા-પિતા, રોગાતુરની સેવા જીવન પર્યંત કરવી.

વક્તાશ્રીએ તેમની માર્મિક શૈલીમાં કહ્યું કે માફી માંગવાથી એ સાબિત થતું નથી કે, તમે ખોટા છો, ને બીજા સાચા છે, માફીનો અર્થ છે કે આપણામાં સંબંધ નિભાવવાની કાબેલિયત એના કરતાં વધારે છે. નમવાથી સંબંધ ટકી જતો હોય તો નમી જાવ. માફીમાં સુખ છે. સમજણ મોટી વાત છે, પોઝીટીવ વિચારવાથી અને સંતોષ રાખવાથી શાંતિ મળે. પિતાએ પોતાનાં બાળકોને પૂરતો સમય આપવો, નહિંતર વૃધ્ધાવસ્થામાં એ તમને સમય નહીં આપે.

શ્રીનરનારાયણદેવ એ આપણા બાપ છે, આપણે ગમે તેવા હોઈએ પણ આપણો બાપ આપણને સાચવી લેશે એવો કેફ રાખવાથી બીજું બધું ગૌણ બની જશે તેવી વેધક શીખ આપી.

સભાના બીજા દિવસે વક્તાશ્રીએ સ્વ-મેનેજમેન્ટ બાબતે પોતાનું વ્યાખ્યાન આપતાં કહ્યું કે પાકા જાગૃત થવા માટે મેથડ(પધ્ધતિ) જોઈએ. આપણને સમય પણ શીખવે છે



અને શિક્ષક પણ શીખવે છે. બંનેમાં ફર્ક એટલો જ છે કે શિક્ષક શીખવાડીને શીખવે છે જ્યારે સમય પરીક્ષા લઈને શીખવે છે. સમય ન પારખે તે ફેલ. સહનશીલતા અને ધીરજ રાખવાથી જીવનની પરીક્ષામાંથી પાસ થવાય છે.

સભાના ત્રીજા દિવસે વક્તાશ્રીએ આધ્યાત્મિક મેનેજમેન્ટ ઉપર પોતાનું વ્યાખ્યાન આપતાં કહ્યું કે પરિવાર અને સ્વ-મેનેજમેન્ટ હોય તો આધ્યાત્મિક મેનેજમેન્ટ થશે. પ્રયત્ન કરવાની અને હરિભજન કરવાથી મેનેજમેન્ટ થઈ જશે. "સુખ હરિ કે ચરણ મેં કાં સંતન કે માંહિ" ધારેલું ન મળે, મળેલું ન ગમે અને ગમેલું ન ટકે, એનું નામ જિંદગી એટલું સમજી લેવાથી સુખી થવાશે. સત્સંગ કરવાની સમજણ બેવડી થઈ જશે અને પછી દુઃખ છે તે વધારે નહી લાગે.

વક્તાશ્રીએ અજ્ઞાની અને જ્ઞાનીનો ફર્ક જણાવતાં કહ્યું કે અજ્ઞાની વ્યક્તિ દુઃખોનો અંત શોધે જ્યારે જ્ઞાની વ્યક્તિ દુઃખોનાં કારણનો અંત શોધે. દુઃખનું કારણ શોધવાથી દુઃખનો અંત થશે.

વક્તાશ્રીએ ત્રિ-રાત્રીય સભાનાં અંતિમ ચરણમાં શ્રોતાગણને સૂત્ર આપેલું કે, "આપણું ધાર્યું થાય તો હરિકૃપા સમજવી અને આપણું ધાર્યું ન થાય તો હરિઈચ્છા." આપણી ઈચ્છામાં કૃપા ભળે તો બધું થાય. 'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...' કીર્તનને યાદ કરી એવા સમર્થ ભગવાન આપણને મળ્યા એના હાથમાં બધું મૂકી દેવાની અમૂલ્ય શીખ ઉપસ્થિત સમુદાયને આપતાં કહ્યું કે ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ. વહી રામ હૈ, વોહી શ્યામ હૈ, વોહી ઘનશ્યામ હૈ... કોઈ ભેદ નથી. સાચા ભાવથી ભગવાનને ભજી લેવાની અને જે કંઈ મળ્યું છે તે આ સંતોની કૃપા છે એમ સમજી સ્વીકારી લેવાની અમૂલ્ય શીખો આપેલ.

આ ત્રિ-રાત્રીય સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળેલું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભુજ મંદિરના સંતો તેમજ કોઠારી સ્વામી આદિ સંતોની પ્રેરણા અને આશીર્વાદથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, ભુજના હરિભક્તોએ તનમનથી આર્થિક, શારીરિક યોગદાન આપેલ. ગુરુપૂર્ણિમાના પવિત્ર દિને મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ આદિ વડીલ સંતોનું યુવક મંડળના સભ્યોએ પૂજન કર્યું હતું. આ ત્રિ-રાત્રીય સભાના મુખ્ય યજમાનપદે બહેનોનાં મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ તેમજ પ.ભ. ગોવિંદભાઈ રાબડીયા (કિંગ કિચન, ભુજ) તથા પ.ભ. કનુભાઈ પ્રજાપતિ (દર્શન ઓટોમોબાઈલ, ભુજ) તથા પ.ભ. નિલેશભાઈ પટેલએ શોભાવ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, ભુજના તમામ સભ્યોએ નાની મોટી આર્થિક સેવાનો સહયોગ પૂરો પાડી ત્રિ-રાત્રીય સભાને સફળ બનાવેલ. - રાજેશ ગોર

તા. ૧૯-૭-૧૬ અષાઢ સુદ પૂનમ ગુરુપૂર્ણિમાંના શુભ દિને ગુરુઓના ગુરુ એવા શ્રીહરિનું સવારે ૭:૦૦ કલાકે પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો દ્વારા શ્રીજનમંગલ દ્વારા ભવ્યતાથી પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન બાદ આરતી, ગુરુભજન સ્તોત્ર બાદ પુષ્પાંજલિ અર્પણ સાથે પૂજન પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ પૂજનમાં સંતો, મોટી સંખ્યામાં હરિભક્તો, સાંખ્યયોગી બહેનો વગેરે જોડાયા હતા.

---

## ભુજમાં મંદિર દ્વારા ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન થયું

અષાઢી બીજ એટલે કચ્છી નૂતન વર્ષ. ભારતીય




સંસ્કૃતિમાં આ દિવસે દેશ-વિદેશમાં ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનો એક અનેરો મહિમા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સ્વયં જગન્નાથપુરી અને ભગવાન શ્રી જગન્નાથજીનો મહિમા વર્ણવ્યો છે અને નિલકંઠવર્ણી વેષે આ તીર્થસ્થાનમાં રહીને લીલાચરિત્રો કર્યા છે.

છેલ્લા ત્રણ વર્ષથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નગરમાં ભવ્ય રથયાત્રાનો થયેલ પ્રારંભ હવે એક

પરંપરા બની ચૂક્યો છે. આ વર્ષે પણ સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પ્રસાદી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી પરમહંસદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરણા, આશીર્વાદ તથા માર્ગદર્શન સાથે તા. ૬-૭, બુધવારના રોજ અષાઢી બીજના રોજ ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

'જય જગન્નાથ' ના નારા સાથે મહાદેવ નાકા ખાતે પૂજનવિધિ તથા નાળિયેર વધેર્યા બાદ પ્રારંભ થયેલ. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માધાપરના યુવાનો તેમજ માધાપર ન.વા. ના સરપંચ પ.ભ. અરજણભાઇ ભુડિયાની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૨૦ ફૂટ ઊંચા રથમાં આરૂઢ ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના રથને મોટા રસ્સા વડ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, સંતો-હરિભક્તો દ્વારા ખેંચવામાં આવેલ. રથયાત્રામાં ગામેગામથી પધારેલ સત્સંગી હરિભક્તોની સાથે સમસ્ત હિન્દુ સમાજના વિવિધ જ્ઞાતિમંડળો, ભુજ શહેરના નવરાત્રિ મંડળો, યુવક મંડળો, ગણેશ મંડળોના યુવાનોની સાથે મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા.

શહેરના મહાદેવ ગેઈટથી શરૂ થયેલી આ રથયાત્રા હમીરસર સર્કલ, બસ સ્ટેન્ડ, કચ્છમિત્ર સર્કલ, સ્વામિનારાયણ (જ્યુબિલી) સર્કલ થઈ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય નીમાબેન આચાર્ય, જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલ, કલેક્ટર મુકુલ ગાંધી, ડી.એસ.પી. મકરંદ ચૌહાણ આદિ કોંગ્રસ પાર્ટીના જિલ્લા પ્રમુખ નરેશ મહેશ્વરી, રવિન્દ્ર ત્રવાડી આદિ અગ્રણીઓ પણ જોડાયા હતા તેમજ વિશ્વ હિન્દુ પરિષદ, શિવ સેના, વાણિયાવાડ શાક માર્કેટના વેપારીઓ દ્વારા પણ રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રથયાત્રા દરમ્યાન વિવિધ સ્થળોએ રીમોટ સંચાલિત હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરાઈ હતી. ગુલાબની પાંદડીઓ અને ગુલાબજળની છોળો ઊડાડતી અને વિવિધ ફ્લોટ સાથે નીકળેલી રથયાત્રામાં સંગીતપાર્ટી, રાસમંડળી, મુંબઈના મશહૂર પૂણેરી ઢોલે આકર્ષણ જગાવ્યું હતું. યાત્રા દરમ્યાન માર્ગો પર ઠેરઠેર શરબત અને પાણીની વ્યવસ્થા કરાઈ હતી.

આ સમગ્ર ઉત્સવના યજમાનપદે ગામ દહીંસરા હાલે બોલ્ટન નિવાસી પ.ભ. પ્રકાશભાઈ શીવજી હાલાઈ સહપરિવાર, પ.ભ. નારણભાઈ રામજી પાંચાણી સહપરિવાર, માનકુવા હાલે મોમ્બાસા નિવાસી પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શીયાણી, ધ.પ. નીતાબેન આદિ પરિવાર, ગામ રામપર હાલે ભુજના પ.ભ. ગોવિંદભાઇ ધનજી રાબડીયા, વિનતાબેન ગોવિંદ, ગામ સુરજપરના પ.ભ. દેવશીભાઈ વેલજી હાલાઇ, ગામ ગાંધીધામના પ.ભ. ભરતભાઈ જોષી, ગામ નારાણપરના પ.ભ. પરબત શીવજી કેરાઈ, ગામ મીરજાપરના નીતિનભાઈ માવજી આદિ સત્સંગી હરિભક્તો રહ્યા હતા.

સાંજે નૂતન મંદિરે પધાર્યા બાદ રથમાં આરૂઢ દેવની ૨૦૦ દીવડાઓની મહાઆરતીનું આયોજન મંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું. જેમાં સંતોની સાથે સમગ્ર ઉત્સવના યજમાનશ્રીઓ જોડાયા હતા. મહાઆરતી બાદ ઉપસ્થિત સૌ ભક્તજનોને પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

- કોઠારી પાર્ષદ દિનેશ ભગત

---

## ભુજ મંદિર દ્વારા વિદ્યાર્થી સહાય

કચ્છ જિલ્લાના સરહદના ગામડાઓ નલીયા, સીધોડી, સાયણ જુની-નવી, દયાપર, ખટીયા, સામજીઆરી, નરા વગેરે ગામોનાં એકલ વિદ્યાલયોમાં શિક્ષણનું કામ શરૂ કરતા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવેલ જેથી બાળકોમાં સંસ્કાર સિંચન થાય અને સંતો દ્વારા તેમને માર્ગદર્શન અને આશીર્વાદ મળે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ તરફથી એકલ વિદ્યાલયના ૩૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ નિમિત્તે શૈક્ષણિક કીટ સંતોના હસ્તે અર્પણ કરવામાં આવેલ પુસ્તકો, પાટી, પેન, બોલપેન, પેન્સિલ અને સ્કૂલ બેગ દરેક બાળકોને આપવામાં આવેલા. દરેક એકલ વિદ્યાલયને કૃષ્ણ ફલક અને શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સરસ્વતી દેવીની છબીઓ પણ અર્પણ કરવામાં આવેલ.

સંતોમાં સ્વામી પરમહંસદાસજી, સ્વામી

ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી સદ્‌ગુણસ્વરૂપદાસજીએ અલગ અલગ એકલ વિદ્યાલયોમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવી જીવનમાં આગળ વધવા આશીર્વાદ આપ્યા હતા. અને જીવનમાં કદી પણ વ્યસન ન આવે, ખોટા રસ્તે જવાનું ન આવે તે જોવા ખાસ સમજણ આપી અને સુખચેનથી ભણી આગળ વધો તે ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા આપના પર ઉતરશે તેવી હૈયામાં ધારણા આપી હતી.

પ્રવેશોત્સવ પછી દરેક સરહદી ગામમાં એકઠા થયેલા લોકોને વ્યસન છોડવા અને ભગવાનને ભજવાની લોક ભાષામાં સમજણ આપી ને લોકોને વ્યસન છોડવા સમજાવેલ જેના પ્રતિસાદ રૂપે કેટલાય લોકોએ વ્યસન છોડી સંતો પાસે બીડી, તમાકું, દારૂની કોથળીઓ, પડીકીઓનો ઢગલો કરી મૂક્યો હતો. એક પરિવારમાં દારૂના દુષણને કારણે ઘર ટૂટવાની તૈયારી હતી. સંતોના સમજાવટથી પરિવારના મોભીઓએ સમજણ આવતા દારૂ ન પીવાનું વચન આપતાં પરિવારમાં આનંદ છવાયો હતો. જે જોઈ સંતો તેમજ તેમની સાથે જોડાયેલા રામજીભાઈ વેલાણી, કાંતિભાઈ, નારણભાઈ વગેરે હરિભક્તોએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

- સ્વામી કપિલમુનિદાસજી

---

## મુંબઈ – વિલે પાર્લે રથયાત્રા ઉત્સવ

અષાઢી બીજનો કચ્છીઓ માટે બેવડો આનંદ હોય છે. કચ્છીનવા વર્ષનો પ્રારંભ અને હિન્દુધર્મનો અગત્યનો ઉત્સવ એટલે રથયાત્રા મહોત્સવ.

જગન્નાથપુરીની સાથે સાથે અનેક સ્થળો-મંદિરો, નગરોમાં આ રથયાત્રા ઉત્સવ ઉજવાય છે એ રીતે ભુજ મંદિરના પ.પુ.સદ્ મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી



આ વર્ષ જેમનો વારો મુંબઈ પાર્લા મંદિરે છે એવા સદ્‌ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના મંડળના સંતોએ અને મુંબઈ વસતા કચ્છના સમસ્ત હરિભક્તોએ સાથે મળીને ભવ્ય રથયાત્રા ઉત્સવ ઉજવ્યો. તા.૬-૭-૨૦૧૬ બુધવારના બપોરે પછી મુંબઈના પાર્લા વિસ્તારમાં ભક્તોએ ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પધરામણી કરાવી. પૂજ્ય પુ. બાલકુષ્ણ સ્વામી અને સ્થાનિક એમ.એલ.એ. શ્રી પરાગ અલવાણીએ ભગવાન જગન્નાથજીનું પ્રથમ પૂજન કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું. દોરડાવડે સંતોએ અને ભક્તોએ રથને ખેંચી ઠાકોરજીને નગરયાત્રા કરાવી. ૩ કલાકની નગરયાત્રા બાદ પાર્લા મંદિરે ભવ્ય સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી અક્ષરમુનિ દાસજી એ રથયાત્રા શા માટે ? આ વિષય પર સરસ ઐતિહાસિક ઘટનાઓ વર્ણવી જીવનરૂપી રથની લગામ સદ્‌ગુરુ સંતના હાથમાં સોંપી જીવનરથમાં ઠાકોરજીને પધરાવી જીવન જીવવાની અદ્‌ભુત શીખ આપી હતી. રાપર ગુરુકુલના સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી અને મંડલેશ્વર સ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. શાસ્ત્રી વિજ્ઞાનસ્વરૂપ દાસજીએ આમંત્રણને માન આપી પધારેલા ભક્તોનું સ્વાગત કર્યું અને પૂજ્ય સ્વામી બાલકૃષ્ણદાસજી પાસે મુખ્ય યજમાન પરિવારમાં પ.ભ. ખીમજી આંણદા દુબરીયા સુપુત્ર હિતેશ આદિપરિવાર અને સહ યજમાનમાં કંથકોટના ભક્તોનું સન્માન કરાવ્યું હતું. શાસ્ત્રી અક્ષરપ્રિયદાસજી ના માર્ગદર્શન મુજબ કોઠારી રામપ્રિયદાસજીએ રથયાત્રાની વ્યવસ્થા સંભાળી હતી અને સભાસંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કર્યું હતું.

- શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી

---

## સરસ્વતી સન્માન, શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર મધ્યે સરસ્વતી સન્માન યોજાયો. ભુજ મંદિરના પૂજ્ય સંતો સ્વામી સ્વયંપ્રકાશદાસજી, શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, શા. સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો અને સંસ્થાના પ્રમુખશ્રી શીવજીભાઈ પાઘરા, મંત્રીશ્રી જેન્તીભાઈ રાબડીયા અન્ય ટ્રસ્ટીઓના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી

હતી. પધારેલ સંતોનું પુષ્પહાર તથા ઋષિકુમારો દ્વારા સ્વાગતગીતથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સંસ્થાના પ્રધાનાચાર્ય દુર્ગેશભાઈ ભટ્ટે ઈનામ વિતરણની જાહેરાત કરી હતી. તેમાં ધો. ૧૦નું ૯૫.૮૩% અને ધો. ૧૨નું ૧૦૦% પરિણામ આવ્યું. ગતવર્ષે પણ સંસ્થાનાં ૧૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫-૧૬માં સંસ્થામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને સંતો તથા ટ્રસ્ટીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ધો. ૧૦માં પ્રથમ સ્મિત ત્રિવેદી ૯૭.૯૯, દ્વિતીય શુભમ અબોટી ૯૨.૮૯, તૃતીય ૮૫.૮૩ તથા ધો. ૧૨ પ્રથમ હાર્દિક પંડ્યા ૯૭.૬૦, દ્વિતીય જીગર મહાજ, તૃતીય ભાવિન જોષી ૯૦.૭૩ પર્સન્ટાઈલ સાથે ક્રમાંક પ્રાપ્ત કરેલ. આ પ્રસંગે વિદ્યાર્થીઓને આશીર્વચન આપતા જનકભાઈ ભટ્ટ કહ્યું કે ઈચ્છાશક્તિ, પુરુષાર્થ અને ઈશ્વરકૃપા મળે તો સફળતા પ્રાપ્ત થાય છે. સંસ્કૃતિને ટકાવી રાખવા માટે સંસ્કૃતનો અભ્યાસ જરૂરી છે. સ્વામી જયકૃષ્ણદાસજીએ ઉત્કૃષ્ટ વાણીમાં વિદ્યાર્થીને સંબોધ્યા હતા. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ સંસ્થાના પૂર્વ ઈતિહાસની વાત કરી હતી અને સંસ્કૃતભાષાની મહત્તાની વાત કરતા તેમણે કહ્યું કે સંસ્કૃત એ અન્ય ભાષાઓની જનની છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વેદ ઉપનિષદ્ વિષય ઉપર સંસ્કૃતમાં અને વિવેકાનંદ વિશે અંગ્રેજીમાં પ્રવચનો આપ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ કરસનભાઈ હાલાઈએ કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટ, કાનજીભાઈ વેકરીયા, પ્રેમજીભાઈ વાગજીયાણી, દિનેશભાઈ ગોર, કાનજીભાઈ મેપાણી વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પાઠશાળાના આચાર્ય દુર્ગેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

- દુર્ગેશભાઈ ભટ્ટ

---

## પાટોત્સવ, સિનુગ્રા

તા. ૧૧-૬-૨૦૧૬, શનિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, સિનુગ્રાનો ૧૪મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો. અંજારથી પધારેલ સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળના સંતો સ્વામી સનાતનદાસજી, સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા ને કથાવાર્તા સાથે આશીર્વચન આપ્યા હતા. ત્યારબાદ સિનુગ્રાના હરિભક્તો દ્વારા તૈયાર કરેલ અન્નકૂટની આરતી કરેલ હતી.

- પૂજારી લાલજી કરસન

---

## નારણપર : ગુરુપૂર્ણિમા – વનમહોત્સવ ઉજવાયા

શ્રીઘનશ્યામ એકેડમી(C.B.S.E.) નારણપરમાં પોલીસ ખાતા તથા શાળા પરિવારના સંયુક્ત ઉપક્રમે ગુરુપૂર્ણિમા ઉજવાઈ.

તા. ૧૯-૭-૨૦૧૬ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી(C.B.S.E.) ૭વામી દિવ્યપ્રકાશદાસજી તથા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ ડી.વાય.એસ.પી.શ્રી જયસ્વાલ સાહેબ, પી.એસ.આઈ. એ.ડી. જોડેજા સાહેબ, પી.એસ.આઈ. ગોહિલ સાહેબ તથા પી.એસ.આઈ. તાવિયાડ મેડમ ઉપસ્થિત રહ્યા હતા. ગુરુવંદના કાર્યક્રમમાં સ્વામીશ્રી, આચાર્યશ્રી તથા અન્ય શિક્ષકોનું તિલકચાંદલા દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

શાળાની ધોરણ ૧૧ની વિધાર્થિ વેકરીયા ક્રિષ્ના તથા શાળાના શિક્ષકશ્રી દિવેશ મોઢના વક્તવ્ય દ્વારા ગુરુનો મહિમા તથા મહત્વની શીખ દ્વારા વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યા હતા. અતિથિ વિશેષ પદે રહેલા ડી. વાય.એસ.પી.શ્રી જયસ્વાલ સાહેબે વિદ્યાર્થીઓને ગુરુનું જીવનમાં મહત્ત્વ તથા પથદર્શક તરીકે ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું. પોલીસની લોકો પ્રત્યેની જવાબદારી તથા પોતાની ફરજ વિશે બાળકોને જ્ઞાન આપ્યું હતું. પોલીસની ગતિવિધિ વિશે જાણકારી આપી લોકો તથા પોલિસ વચ્ચેનો સેતુબંધ મજબુત બને એવું આશ્વાસન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પોલિસ ખાતા દ્વારા શાળાના સંચાલક સ્વામીશ્રીઓ, આચાર્યશ્રી અને શિક્ષકોનું સાલ ઓઢાણી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની યાદ રૂપે પોલિસ ખાતા તરફથી શાળાને કચ્છી વર્કની ફ્રેમ અર્પણ કરવામાં આવી હતી.

અંતમાં પોલીસ બેન્ડ પાર્ટી દ્વારા દેશભક્તિ ગીત તથા રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

---

## વનમહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી(ઇ.મ.જી.ઈ.) નારણપરમાં વનમહોત્સવ સપ્તાહ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષોનું મહત્ત્વ સમજાવી વન મહોત્સવ સપ્તાહની શરૂઆત અને ઉજવણીની માહિતી આપી. શાળાના પ્રાંગણમાં હરિયાળી રહે તે હેતુસર શાળાના સંચાલક સ્વામીશ્રીઓ, શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના વરદ્ હસ્તે "વર્ગ દીઠ વૃક્ષ"નું આરોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટીશ્રી અરજણભાઈ ગાજપરીયા, રત્નાભાઈ કેરાઈ, શિવજીભાઈ વેકરીયા, નવીનભાઈ પાંચાણી તથા મુકેશભાઈ વેકરીયા તેમજ શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદજી તથા શિક્ષકગણનો સહયોગ સાંપડ્યો હતો.

- આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદજી

---

## જાણ અને સુજાણ કચ્છી પરીક્ષામાં શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી કચ્છ અને બૃહદ કચ્છમાં પ્રથમ સ્થાને

તા. ૬-૭-૨૦૧૬, અષાઢી બીજના પાવન દિને શુભ સ્થાન ભુજ નગરે શ્રી રોટરી હોલ ખાતે કચ્છી સાહિત્ય કલા સંઘ પ્રેરિત અને વી.આર.ટી.આઈ. - માંડવી દ્વારા જાણ અને સુજાણ કચ્છી પરીક્ષામાં સહભાગી થયેલ પ્રથમ પાંચ કેન્દ્રોને પ્રોત્સાહિત કરવા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ સ્થાને સુપ્રસિધ્ધ વર્તમાન 'કચ્છમિત્ર'ના તંત્રીશ્રી કિર્તીભાઈ ખત્રી રહ્યા હતા. કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિશ્રી ડો. કાન્તિભાઈ ગોર, ડો. રમેશભાઈ દવે, કવિશ્રી નારાયણભાઈ જોષી 'કરાયલ', શ્રીમાન પ્રવિણભાઈ વીરા, કચ્છી કવિશ્રી જયંતીભાઈ જોષી'શબાબ' આદિ મહાનુભાવોએ મંચની ગરિમામાં વધારો કર્યો હતો.

સાહિત્ય અને કલાપ્રેમી પ્રેક્ષકોની બહુસંખ્યક ઉપસ્થિતિમાં શ્રીહરિ તપોવન ગુરુકલ ગંગાજી, રામપર-વેકરાને કચ્છ અને કચ્છ બહાર ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં સ્થિત કચ્છી સમાજ દ્વારા સંચાલિત કુલ ૯૭ પરીક્ષા કેન્દ્રોમાં સતત ત્રણ વર્ષથી પ્રથમ સ્થાને અગ્રેસર રહેવા બદલ ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે સિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ.

---

## ગુરુવંદના મહોત્સવ

તા. ૧૯-૭-૨૦૧૬, અષાઢ સુદ પૂનમ અર્થાત્ ગુરુ પૂર્ણિમાના પાવન દિને શ્રીહરિ તપોવન ગુરુકુલ પરિવાર દ્વારા પરંપરાગત ગુરુવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને સ્વામી સત્યજીવનદાસજીની દિવ્ય ઉપસ્થિતિ રહી હતી. પ્રથમ સંતો દ્વારા ગુરુકુલના વિશાળ પ્રાર્થના ખંડમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવોનું સંતોના વરદ્ હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંતો અને શ્રીહરિ વિદ્યામંદિરના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનું ૧૦૮ જનમંગલ નામાવલિના ઉચ્ચારણસહ ભાવપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું.

શ્રીઠાકોરજીની નિત્ય પૂજાવિધિ કરવામાં પૂજારીની ઉત્તમ સેવા આપનાર કુલ ત્રણ વિદ્યાર્થી વેકરીયા ઘનશ્યામ, રાબડીયા વિવેક અને ભંડેરી માધવ દ્વારા સંત પૂજન થયું અને સમગ્ર વાતાવરણ ગુરુવંદના થકી પુલકિત થઈ રહ્યું. શાળાના શિક્ષકશ્રી મોહનભાઈ બારોટના સુમધુર કંઠે અને વાજિંત્રોના સથવારે પ્રસંગોચિત્ત ભજન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રમશઃ પ્રતિ સ્પર્ધી વિદ્યાર્થીઓએ સૂચનાનુસાર પોતાના ફાળે આવેલ વિષય પર સારી અને પ્રશંશક રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતે આ પ્રસંગે સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ ગુરુ પ્રત્યે સમર્પણનો ભાવ રાખી અને સમાજ ઉપયોગી જીવન વિશે ભલામણ કરતા કહ્યું હતું કે આજે લોકો ગુરુનાં ગુણોને નહીં પણ વ્યક્તિને પ્રાધાન્ય આપે છે. ૨૪ ગુરુ કરનાર ભગવાન દત્તાત્રેયે ગુણોનાં દર્શન કરીને ગુરુને સ્વીકારેલા. વ્યક્તિ મહાન છે કારણ કે તેમાં તેવા ગુણો છે માટે ગુરુપૂર્ણિમાનો સાચો અર્થ ગુરુનાં ગુણોનું દર્શન છે. જેવી જીવનમાં સ્થાન આપવાની પ્રેરક વાતો આશીર્વચનનાં રૂપમાં કરી હતી.

ગુરુવંદના કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર

ગુરુકુલ પરિવારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના પ્રાધાનાચાર્યશ્રી નયનભાઈ ચાવડાએ કર્યું હતું.
- ગૃહપતિશ્રી

---

## અષાઢ સુદ ૧૧ (દેવશયની) એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

● પ.ભ. નારણભાઈ ગોવિંદભાઈ પિંડોરીયા, વાલબાઈ નારણ પિંડોરીયા સહપરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, માધાપર ● પ.ભ. રામજીભાઈ ગોપાલ દબાસીયા, ધ.પ. શાન્તાબેન, દિનેશભાઈ ગોપાલ, ધ.પ. પૂજાબેન, સંદિપ રામજી, ધ.પ. રેખાબેન, દિપાંશુ દિનેશ, જૈમિન દિનેશ, ઈશાની સંદિપ, પ્રેમીલાબેન મનોજ વરસાણી, જ્યોત્સનાબેન પ્રવિણ ભુડીયા સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, માનકુવા-ભક્તિનગર ● પ.ભ. વેલજીભાઈ હરજી ભંડેરી, ધ.પ. અમરબાઈ હ. દેવરાજ વેલજી સહપરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, રામપર ● પ.ભ. અ.નિ. રવજીભાઈ વીરજી ભુડીયા, સુપુત્ર દિનેશ રવજી ભુડીયા તથા ગોવિંદ રવજી ભુડીયા હ. સ્વામી દેવવિહારીદાસજી સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, વેકરા ● પ.ભ. પ્રેમજીભાઈ મુરજી આશાણી ધ.પ. ભાવનાબેન, સુપુત્ર બ્રિજેશ પ્રેમજી આસાણી હ. સ્વામી દેવવિહારીદાસજી સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, વેકરા ● પ.ભ. અ.નિ. રામજીભાઈ રવજી વરસાણી હ. પ્રેમબાઈ રામજી વરસાણી હ. કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સામત્રા ● પ.ભ. હિતેશભાઈ પ્રેમજી દબાસીયા, રમીલા હિતેશ, જૈનીશ હિતેશ હ. સ્વામી માધવપ્રસાદદાસજી, કોડકી ● પ.ભ. મીનાબેન કાનજી જેસાણી, દહીંસરા ● સાં.યો. પ્રેમબાઈ કરસન જોધાણી, હ. શીવજીભાઈ પુંજાણી, ભક્તિનગર ● સાં.યો. નાનબાઈ રામજી, માનકુવા ● પ.ભ. રામજીભાઈ મુરજી વરસાણી, ફોટડી ● પ.ભ. સુંદરબાઈ દેવશી મેપાણી, સુરજપર ● પ.ભ. રામજીભાઈ પ્રેમજી કેરાઈ, રામપર ● પ.ભ. રામબાઈ લક્ષ્મણ હીરાણી, નારણપર ● પ.ભ. સાનવીબેન ભરત ભીમજી હીરાણી, ભક્તિનગર ● પ.ભ. નિશાબેન પુરુષોત્તમ વેકરીયા, સુખપર ● પ.ભ. રીયાબેન ભરત કેરાઈ, માંડવી ભારાપર ● પ.ભ. મનસુખભાઈ રામજી વેકરીયા, સુખપર ● પ.ભ. માવજીભાઈ કાનજી હાલાઈ, ગોધરા માંડવી ● પ.ભ. વીરબાઈ કુરજી કેરાઈ, રામપર ● પ.ભ. અરવિંદભાઈ ગોવિંદ હીરાણી પુત્ર જૈનીશના જન્મદિવસ પ્રસંગે, માનકુવા ● પ.ભ. ગોવિંદભાઈ બાબુલાલ હીરાણી, સુખપર ● પ.ભ. મેહુલભાઈ કનકરાય આચાર્ય તથા શામજી વાલજી ભુડીયા, ભુજ માધાપર ● પ.ભ. હર્ષિતભાઈના જન્મ પ્રસંગે હ. જયાબેન રમેશ કાબરીયા, ગોડપર નૈરોબી ● પ.ભ. ધનબાઈ દેવજી જેસાણી, બળદીયા ● પ.ભ. કાન્તાબેન વાલજી વેકરીયા, વાડાસર ● પ.ભ. લાલજીભાઈ વિશ્રામભાઈ ભુડીયા ધ.પ. ધનુબેન, વેકરા ● પ.ભ. જયભાઈ લાલજી પિંડોરીયા, વેકરા ● પ.ભ. પુરબાઈ મુરજી હીરાણી, ભારાસર ● પ.ભ. માવજીભાઈ કાનજી ખેતાણી હ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સુખપર નૈરોબી ● પ.ભ. કાન્તાબેન માવજી ખેતાણી હ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સુખપર નૈરોબી ● પ.ભ. વિરેશ માવજી ખેતાણી હ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સુખપર નૈરોબી ● પ.ભ. ઉત્સવ સંજય હીરાણી, માંડવી ● પ.ભ. પ્રીતીબેન મુકેશભાઈ રાબડીયા, માંડવી ● પ.ભ. લાલજીભાઈ પ્રેમજી સેંઘાણી, સુરજપર ● પ.ભ. દીપ્તિબેન ધવલ ધોળકીયા, ભુજ ● પ.ભ. સ્વ. ધનબાઈ શામજી પિંડોરીયા હ. વાલજી શામજી, મીરજાપર ● પ.ભ. પ્રવિણભાઈ લાલજી હાલાઈ, મેઘપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, સાં.યો. સીતાબેન શીવજી ગોરસીયા, ભુજ ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, સાં.યો. અવનિબેન શામજી કેરાઈ, માંડવી ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, ચિરાગભાઈ પ્રવિણ ગોસ્વામી, મીરજાપર હાલે કમ્પાલા ● પ.ભ. જીજ્ઞાબેન નાનજી વેલાણી, મદનપુર ● પ.ભ. માનબાઈ ધનજી હીરાણી, બળદીયા ● પ.ભ. રુદ્ર પરેશ વરસાણી, સામત્રા ● પ.ભ. ભરતભાઈ કરસન વેકરીયા, હરિપર ● પ.ભ. રમેશભાઈ વિશ્રામ હીરાણી, માંડવી હાલે મોમ્બાસા ● પ.ભ. કાનજીભાઈ કુંવરજી વરસાણી, સામત્રા ● શ્રીહરિ ભરોસે હ. સાં.યો. ધનુબેન કલ્યાણ રાબડીયા, રામપર ● પ.ભ. ઈશ્વરલાલ રવજી કેરાઈ, સુખપર ● પ.ભ. આતિશભાઈ પ્રવિણ ગોરસીયાના જન્મદિવસ નિમિત્તે, મદનપુર ● પ.ભ. નિશાંતભાઈ જગદીશભાઈ કેરાઈ, નારણપર ની.વા. ● સાં.યો. મહંત વાલબાઈ ફઈની પ્રેરણાથી હ. હીનાબેન પ્રિતમ હીરાણી, નારણપર ની.વા. ● પ.ભ. શામજીભાઈ નારણ વેકરીયા, સુખપર ● સાં.યો.

કાનબાઈ અરજણ શીયાણી, ફોટડી ● પ.ભ. દેવીનાબેન ભરત જાદવા ખીમાણી, દહીંસરા હાલે બોલ્ટન ● પ.ભ. લક્ષ્મીબેન વાઘજી વેલજી ગોરસીયા, ભક્તિનગર ● પ.ભ. અશોકભાઈ જાદવા ખેતાણી, સુખપર ● પ.ભ. દિલીપભાઈ રવજી ખેતાણી, સુખપર ● પ.ભ. પ્રકાશભાઈ કાનજીભાઈ વેકરીયા સહપરિવાર, બળદીયા ● પ.ભ. ભીમજીભાઈ મુરજી કલ્યાણ વેકરીયા, નારણપર ● પ.ભ. જગદીશભાઈ હરજી વેકરીયા હ. વાલબાઈ હરજી, નારણપર ● પ.ભ. મનજીભાઈ ખીમજી જાગાણી, સુરજપર ● પ.ભ. જીતેન્દ્રભાઈ રામજી લાખાણી ધ.પ. કાન્તાબેન હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, બળદીયા ● પ.ભ. અનિશાબેન ગોવિંદ હીરાણી, માનકુવા ● પ.ભ. ઉર્વશીબેન શીવજી હીરાણી, નારણપર ની.વા. ● પ.ભ. ખીમજીભાઈ ધનજી ભુવા, સુખપર ● પ.ભ. મુરજીભાઈ ગોપાલ આસાણી, રતનબાઈ મુરજી, વેકરા ● પ.ભ. વનિતાબેનના શુભ લગ્ન પ્રસંગે હ. તેજબાઈ લાલજી ગોરસીયા, વેકરા ● પ.ભ. દેવજીભાઈ મેઘજીભાઈ રાબડીયા ધ.પ. પુષ્પાબેન સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, માંડવી ● પ.ભ. રોબીનભાઈ દેવેન્દ્ર વેકરીયા, બળદીયા ● પ.ભ. વિશ્રામભાઈ શામજી કેરાઈ, મીરજાપર ● પ.ભ. ચેતનકુમાર પ્રાણલાલ ગોર, ભુજ ● પ.ભ. શીવજીભાઈ હરજી ભુડીયા સહપરિવાર, ફોટડી ● પ.ભ. રાજેશભાઈ કરસન પિંડોરીયા ધ.પ. કાન્તાબેન, રમેશભાઈ કરસન પિંડોરીયા, ધ.પ. પ્રવીણાબેન, માધાપર ● પ.ભ. પ્રિતમભાઈ રાજેશ વેકરીયા, રામપર ● પ.ભ. ખ્યાતિબેન રાજકુમાર દેવજી કેરાઈના જન્મદિવસ નિમિત્તે હ. મહંત શામબાઈ ફઈ, મીરજાપર ● પ.ભ. કાનજીભાઈ કુંવરજી હીરાણી, મદનપુર ● પ.ભ. અવનિશભાઈ શીવજી વેકરીયા, માંડવી ● પ.ભ. કરસનભાઈ કલ્યાણ જેસાણી, દહીંસરા ● પ.ભ. રામજીભાઈ કેશરા એન્ડ સન્સ લી., નૈરોબી સામત્રા ● પ.ભ. કલ્પનાબેન પુરુષોત્તમ વેકરીયા, હ. સાં.યો. અમરબાઈ લાલજી, મદનપુર ઓસ્ટ્રેલીયા ● પ.ભ. અમૃતબેન નીતિન મેપાણી હ. સાં.યો. અમરબાઈ લાલજી, સુખપર ● સાં.યો. રામબાઈ હરજી વેકરીયા, બળદીયા ની.વા. ● પ.ભ. હીરજીભાઈ રામજી રાબડીયા, ધ.પ. લાલબાઈ પુત્ર દિપેશ, અનિતા, મિનલના જન્મદિવસ પ્રસંગે, બળદીયા ની.વા. ● પ.ભ. અમૃતબેન મનજી ભુડીયા, સુખપર ● પ.ભ. કરસનભાઈ માવજી ભગત, સુખપર ● પ.ભ. નીતાબેન મહેશ ભુવા, સુખપર ● પ.ભ. મનજીભાઈ કલ્યાણ હીરાણી ધ.પ. સામુબેન સુપુત્ર ભાવેશ તથા ચેતન, હ. દેવશીભાઈ કરસન હીરાણી, નૈરોબી સુખપર ● પ.ભ. કરસનભાઈ લાલજી પોકાર હ.કુંવરજીભાઈ (ટ્રસ્ટી), નડિયાદ ● સાં.યો. સવિતાબેન ધનજી ભુડીયાની પ્રેરણાથી દિના કાંતિ પાઘરા, મદનપુર ● પ.ભ. શીવજીભાઈ દેવજી ભંડેરી હ. સ્વામી દેવવિહારીદાસજી, વેકરા ● પ.ભ. સ્વ. માતાજી રતનબાઈ રામજી દેવશી વરસાણી હ. કલ્યાણભાઈ, ભારાસર ● પ.ભ. દેવાંશી સુરેશ ભુડીયા, દહીંસરા ● સાં.યો. વાલબાઈ અ.નિ. સાં.યો. લીરબાઈ હ. સાં.યો. શામબાઈ રવજી વેકરીયા, નારણપર ની.વા. ● પ.ભ. નિતેશભાઈ જગદીશ હીરાણી, નારણપર નૈરોબી ● પ.ભ. વિનોદભાઈ રવજી ગોરસીયા, સુખપર ● પ.ભ. શ્રુતિબેન ઘનશ્યામ વેકરીયા, વાડાસર ● પ.ભ. અ.નિ. કરસનભાઈ હીરજી વરસાણી હ. કાનબાઈ કરસન, સુખપર નરનારાયણ નગર ● પ.ભ. અ.નિ. નારણભાઈ લાલજી ખેતાણી હ. શાન્તાબેન લાલજી, સુખપર ● પ.ભ. કસ્તુરબેન પ્રેમજી રાઘવાણી (બળદીયા) હ. સાં.યો. નાનબાઈ (માનકુવા), બળદીયા ● પ.ભ. જાનકીબેન જંયતિલાલ શીવજી ભુડીયા, માંડવી ● પ.ભ. અ.નિ વાલબાઈ વિશ્રામ ભુડીયા, માંડવી ● પ.ભ. અ.નિ. શીવજીભાઈ વિશ્રામ ભુડીયા, માંડવી ● પ.ભ. નરેશભાઈ શીવજી ભુડીયા, માંડવી ● પ.ભ. અવનિબેન નરેશ ભુડીયા, માંડવી ● પ.ભ. સુમનબેન નરેશ ભુડીયા, માંડવી ● પ.ભ. વીરજીભાઈ મેઘજી પિંડોરીયા, માંડવી ● પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી હીરાણી, નૈરોબી ● પ.ભ. રમેશભાઈ કાનજી વેકરીયા, હ. સાં.યો. વાલબાઈ, નારણપર મોમ્બાસા ● પ.ભ. રાજેશભાઈ મનજી ગોરસીયા, સુખપર ● પ.ભ. રમેશભાઈ કલ્યાણ હીરાણી ધ.પ. હંસાબેન, હરિપર ● પ.ભ. રવજીભાઈ હીરજી હીરાણી, માધાપર ● સાં.યો. જશુબાઈની પ્રેરણાથી મનજી કાનજી વેકરીયા સહપરિવાર, માંડવી ● પ.ભ. હરજીભાઈ કાનજી રાજાણી હ. સ્વામી ધર્મપ્રકાશદાસજી, જખણીયા માંડવી ● પ.ભ. કિરણભાઈ અરવિંદ વરસાણી, સામત્રા ● પ.ભ. અ.નિ. રવજીભાઈ કુંવરજી વેકરીયા ધ.પ. તેજબાઈ, નારણપર ● પ.ભ. ધનસુખભાઈ ગોવિંદ વેકરીયા, બળદીયા ● પ.ભ. જીગરભાઈ ટી. ઠક્કર પુત્ર જન્મ નિમિત્તે, મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, ભુજ ● પ.ભ. કાનજીભાઈ શીવજી પટેલ સુત દિનેશ પૌત્ર ધીર,


સરદારનગર ● પ.ભ. રાજેશભાઈ વેલજી ભંડેરી, રામપર ● પ.ભ. ધનજીભાઈ મુરજી વરસાણી, સામત્રા ● પ.ભ. ધ્રુવિબેન હિતેશ ગોરસીયા, ભુજ ● પ.ભ. શામજીભાઈ શીવજી ખીમાણી, દહીંસરા ● પ.ભ. રાજેશભાઈ શામજી શીવજી ખીમાણી, દહીંસરા ● પ.ભ. સુશીલાબેન પ્રદિપભાઈ ગોર હ. પાર્થ પ્રદિપભાઈ ગોર, ભુજ ● પ.ભ. ભાવનાબેન રમેશભાઈ વોરા, માધાપર ● પ.ભ. હિતેશભાઈ દેવજી મેઘાણી, માધાપર કંપાલા ● પ.ભ. ધાર્મિકભાઈ કેશરા પિંડોરીયા, માધાપર ● પ.ભ. ભરતભાઈ ગોપાલ વેકરીયા સ્વામી ભક્તિપ્રસાદદાસજીની પ્રેરણાથી, કુંદનપર ● ન્યાલકરણ ટીમ્બર હ. રાજેશભાઈ મેઘજી સાંખલા, નેત્રા હાલે નડિયાદ ● વેકેશન યુગાન્ડા લી. હ. માવજીભાઈ હીરજી વેકરીયા, મીરજાપર ● પ.ભ. મુકુંદભાઈ નારણ રાબડીયા, મિનલ નારણ રાબડીયા, રામપર નૈરોબી ● પ.ભ. દેવશીભાઈ શામજી ગોંડલીયા હ. પ્રિયંક, કોડકી હાલે ગાંબીયા ● પ.ભ. નાનજીભાઈ કરસન હાલાઈ, કોડકી ● પ.ભ. લાલજીભાઈ રામજી ભુડીયા, વેકરા ● પ.ભ. રમેશભાઈ પરબતભાઈ રાઘવાણી, બળદીયા ● પ.ભ. શાંતાબેન અરવિંદકુમાર હીરાણી હ. સાં.યો. શાન્તાબેન ભુડીયા, મદનપુર ● પ.ભ. ધનસુખભાઈ અરજણ વરસાણી, કોડકી ● પ.ભ. રવજીભાઈ વેલજી હીરાણી, હરિપર ● પ.ભ. પિયુષભાઈ વિનોદ કેરાઈ સહપરિવાર, નારણપર ઓસ્ટ્રેલીયા ● સાં.યો. મહંત વાલબાઈ ફઈની પ્રેરણાથી હ. મનજી વેલજી હાલાઈ ધ.પ. ભગવતીબેન, નારણપર ● સાં.યો. મહંત વાલબાઈ ફઈની પ્રેરણાથી હ. કાન્તાબેન લાલજી શીવજી વેકરીયા, નારણપર ● સાં.યો. મહંત વાલબાઈ ફઈની પ્રેરણાથી હ. અ.નિ. માવજી ઝીણા વેકરીયા ધ.પ. મેઘબાઈ, નારણપર ● પ.ભ. આનંદભાઈ વિશ્રામ વીરજી મેપાણી, માધાપર ● પ.ભ. રમેશભાઈ કેશરાભાઈ નાકરાણી, નડિયાદ ● પ.ભ. નારણભાઈ શામજી હીરાણી, કોડકી ● પ.ભ. જીજ્ઞેશભાઈ શામજી હીરાણી, કોડકી ● પ.ભ. મુરજીભાઈ ગોવિંદભાઈ વરસાણી ધ.પ. પુરબાઈ ગોવિંદ, ભારાસર ● મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી મનજી હરજી વાગડીયા ધ.પ. પ્રેમીલાબેન, મીરજાપર ● અ.નિ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં મનસુખભાઈ રવજી વસ્તા કેરાઈ, નારણપર કેન્યા ● પ.ભ. શામજીભાઈ રત્નાભાઈ ખેતાણી સહપરિવાર, ફોટડી ● પ.ભ. પ્રિયાબેન ધીરન્દ્રભાઈ પિંડોરીયા, સુરજપર ● પ.ભ. મનજીભાઈ નારણ કેરાઈ, બળદીયા ● પ.ભ. કેવલભાઈ મનજી કેરાઈ, બળદીયા ● ન્યાલકરણ બિલ્ડર્સ લી. હ. નવીનભાઈ હરજી સેંઘાણી, નારણપર ● પ.ભ. વાલજીભાઈ જેઠાભાઈ કેરાઈ, નારણપર ● નીલકંઠ ડેવલોપર્સ દેવરાજભાઈ ગોવિંદ વાવીયા, મુંબઈ ● પ.ભ. અશ્વિનભાઈ રામજી મેપાણી, સુરજપર ● પ.ભ. હરજીભાઈ દેવજી મેપાણી, સુખપર ● પ.ભ. કાંતિલાલ પ્રેમજી મેપાણી, સુખપર ● પ.ભ. નરેન્દ્રભાઈ કાનજીભાઈ સાંખલા હ. કમલેશભાઈ, દયાપર ● પ.ભ. જીતેશભાઈ જાદવા વેકરીયા, કેરા ● પ.ભ. સંજયભાઈ પુરુષોત્તમ ચોટારા(સી.એ.) હ. સ્વામી સંતજીવનદાસજી, અંજાર ● પ.ભ. જગદીશભાઈ દેવરાજ રાબડીયા, કેરા કમ્પાલા ● પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ હ. કાવ્ય, ભુજ ● દેવમિનરલ્સ હ. દિનેશભાઈ વેલજી રાબડીયા, હિતેશ વિશ્રામ શીયાણી, સુખપર ● પ.ભ. જશુબેન કલ્યાણ વરસાણી, સુખપર ● પ.ભ. દિપકભાઈ કાનજી પટેલ હ. કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કેરા ● પ.ભ. રામબાઈ પ્રવિણ રૂપાલીયા, હ. સાં.યો. શામબાઈ, મદનપુર ● પ.ભ. ભૂપેશભાઈ જાદવજીભાઈ વરસાણી સહપરિવાર હ. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, ભક્તિનગર ● પ.ભ. રાજેન્દ્રભાઈ અંબાલાલ પટેલ, વડોદરા ● પ.ભ. કાન્તાબેન મનજી ખેતાણી હ. મનજી નારણ ખેતાણી, મદનપુર ● પ.ભ. અ.નિ. રતિબેન રણછોડભાઈ આહિર હ. સાં.યો. નીતાબેન, હીરાપર ● પ.ભ. મેઘબાઈ પ્રેમજી હીરાણી હ. કલ્યાણ રામજી, ભારાસર ● પ.ભ. રામબાઈ ધનજી રાબડીયા, સુખપર

---

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

● સાં.યો. પ્રેમબાઈ લાલજી મુરજી વરસાણી, ભારાસર ● પ.ભ. પુરબાઈ મુરજી હીરાણી, ભારાસર ● પ.ભ. વેલજીભાઈ હરજી ભંડેરી ધ.પ. અમરબાઈ, રામપર વેકરા ● પ.ભ. હરજીભાઈ કાનજી વેકરીયા હ. શીવજી હરજી, માંડવી ● પ.ભ. રવજીભાઈ વેલજી પાધરા, સુખપર ● પ.ભ. અ.નિ. રવજીભાઈ કરસન હાલાઈ, અ.નિ. દેવેન્દ્રભાઈ રવજી હાલાઈ, રામપર ● પ.ભ. પુરબાઈ લાલજી વરસાણી, ભક્તિનગર

# જે ન થાય દવાથી, તે થાય શ્રદ્ધાથી




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો ! શ્રીજી મહારાજની લીલા અપરંપાર છે. તે દુઃખિયાના બેલી છે. તે નિરાધારનો આધાર છે. જેમણે ભગવાન સ્વામિનારાયણના નામ પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યો છે તેમના દરેક દુઃખ ભગવાને લઈ લીધાં છે. આવા જ એક દિવ્ય પ્રસંગની વાત તમને કરવી છે કે ભગવાન ભક્ત માટે કેટલું કરે છે!

કરાળી નામે એકદમ નાનું એક ગામ. એ ગામમાં નિષ્ઠાવાન જેઠા ભગત રહે. જેઠા ભગત એ કઇ મોટી વયના ન હતા પણ તે એક નાનો છોકરો હતો. ગામ લોકોને તેમના પ્રત્યે ભારે માન. બધા તેને પ્રેમથી જેઠિયો કહેતાં.

શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં અપાર પ્રીતિ રાખનાર જેઠિયો એક દિવસ માંદો પડ્યો. અને એવો માંદો પડ્યો કે કોઈ વાતે તેને સારું જ ન થાય અને તે બોલી જ ન શકે. ઘણી દવા કરી પણ કઇ અસર જ ન કરે. ગામ લોકોએ જેઠિયાના મા-બાપને કહ્યું, 'કોઈએ તમારા દીકરા પર કાળો જાદુ કર્યો છે. નક્કી તેને ભૂત વળગ્યું છે. આમ બેઠા રહેવાથી કંઈ નહીં થાય. જલદી જાવ અને ભૂવાને બોલાવી લાવો.' જેઠીયો પાકો સત્સંગી હતો અને તેના મા-બાપ પણ સ્વામિનારાયણનું નામ લઈને જ આગળ વધવાવાળા હતાં. તેથી આવી વાત સાંભળીને જેઠિયાના બાપે કહ્યું, 'અહીં એવી વાત કોઈપણ કરશો નહીં. મારો દીકરો જીવે કે મરે પણ મારાથી ભૂવા પાસે તો જવાશે જ નહીં. સર્વ કર્તાહર્તા ભગવાન છે. ભગવાનની ઇચ્છા હશે તેમ થશે. મંત્ર-જંત્રથી કે ભૂવા પાસે જોવડાવવાથી કાંઇ પણ સિદ્ધિ પ્રાપ્ત થાય નહીં, અને મંદવાડ પણ દૂર થાય નહીં. શરીર સાંજું-માંદું થાય તો ઔષધ જરૂર કરવું, પણ શ્રદ્ધા તો એક સ્વામિનારાયણ ભગવાન ઉપર જ રાખવી.'

જેઠિયાના મા-બાપની આવી દૃઢ નિષ્ઠા જોઈને ભગવાન સ્વામિનારાયણે વિચાર કર્યો, 'જેના મા-બાપને અમારી ભક્તિ અને ઉપાસનાની આટલી બધી સર્વોપરી નિષ્ઠા હોય તેના દીકરાનું મૃત્યુ થાય એ સારું ન કહેવાય. અત્યારે ભલે એનું આયુષ્ય પૂરું થયું છે, તો પણ મારે એને મરવા દેવો નથી. એમ વિચારીને શ્રીજી મહારાજે એ જેઠિયાના પડોશમાં રહેતી ભગવાનની ભક્ત એક બહેનને દર્શન દીધાં. આશ્ચર્ય પામી બહેને કહ્યું, 'હે મહારાજ ! આજે આપે મારા ઉપર દયા કરીને દર્શનનો અમૂલ્ય લાભ આપ્યો. તેથી હું ધન્ય ધન્ય થઇ ગઇ; મહારાજ ! હું આપની શી સેવા કરું?' મહારાજે કહ્યું, 'આ તારા પાડોશમાં રહેનાર જેઠીયાનુ આયુષ્ય પૂરું થઇ ગયું છે, જેથી અમો તેને તેડવા માટે આવ્યા હતા, પણ આ ગામના લોકોને મારે નિશ્ચય કરાવવો છે કે, સર્વના નિયંતા એક ભગવાન જ છે અને એક એમનું જ ધાર્યું થાય છે પણ બીજા કોઇનું કાંઇ ચાલતું નથી. માટે તું એટલું એક કામ કર. અમે અત્યારે જેઠીયાને ધામમાં તેડી નહીં જઈએ પણ એને જીવાડીશું. હું તને પ્રસાદીનું કુમકુમ આપું છું, તે લઇને જેઠિયાને ઘેર જઈને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલીને તેના ભાલમાં ચાંદલો કરજે એટલે તે જેઠીયો આળસ મરડીને બેઠો થાશે. આટલું કહી મહારાજ અદૃશ્ય થઇ ગયા.

પછી તો એ બહેન હરખાતાં હરખાતાં જેઠિયાના ઘરે પહોંચ્યા અને સર્વેને સઘળી વાત કરી કે, મને ભગવાને દર્શન આપ્યાં અને કહેતાં ગયાં કે જેઠીયાનું આયુષ્ય તો પુરું થઈ ગયું છે. પણ હવે તેને અત્યારે નહીં તેડી જઈએ. આ કુમકુમથી તારે હાથે તેના ભાલમાં ચાંદલો કરજે એટલે જેઠિયો બેઠો થઈ જશે. પછી તે બાઇએ

મહારાજે આપેલ કુમકુમનો ચાંદલો જેઠિયાના ભાલમાં સ્વામિનારાયણ નામ લઇને કર્યો, એટલે તરત જ જેઠિયો આળસ મરડીને બેઠો થયો. આ જોઇ સર્વે આશ્ચર્ય પામી ગયા.

બાળમિત્રો ! સર્વ કર્તાહર્તા, સર્વ નિયંતા આપણા ભગવાન સ્વામિનારાયણ છે. જરા પેટમાં દુઃખે કે માથું દુઃખે કે જરા તાવ આવે એટલે ભગવાનને મૂકીને કયાંયને કયાંય દોડીએ, એ આપણી નિષ્ઠામાં ખોટ કહેવાય. માટે શરીર બીમાર થાય તો દવા કરી લેવી પણ કોઇ મંત્ર, યંત્ર, દોરા, ધાગામાં ભગવાનના ભક્તોએ વિશ્વાસ કે શ્રદ્ધા રાખવી નહિ. જેને ભગવાનમાં દૃઢ નિષ્ઠા હોય તેની ભગવાન અવશ્ય રક્ષા કરે છે.

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. આમાંથી કયું એક છપૈયાનું પ્રસાદી સ્થળ છે ?
(અ) હરિ સાગર (બ) લીમ્બવૃક્ષ
(ક) હરિકુંડ (ડ) મીન સરોવર

૨. શ્રીહરિનું ન્યાલકરણ નામ કોણે પાડયું હતું
(૧) મુકતાનંદ સ્વામી (૨) આંબા શેઠ
(૩) ઝીણાભાઇ (૪) દાદાખાચર

૩. અમદાવાદ દેશના ચોથા આચાર્યશ્રીનું નામ આપો ?
(અ) કેશવપ્રસાદજી (બ) પુરુષોત્તમપ્રસાદજી
(ક) વાસુદેવપ્રસાદજી (ડ) શ્રીપતિપ્રસાદજી

૪. શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા,ચાલોને સૈયરો, આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મુક્તાનંદસ્વામી (બ) નીષ્કુળાનંદ સ્વામી
(ક) નારાયણ દાસ (ડ) પ્રેમાનંદ સ્વામી

૫. ચાર યુગના નામ આપો ?
(અ) સત્ય , ત્રેતા, વેદ, હરિ
(બ) સત્ય, ત્રેતા, દ્વાપર, કળી
(ક) સામ, બિન્દુ, સત્ય, કળી
(ડ) ઋગ, દ્વાપર, ત્રેતા, નારાયણ

૬. દાદાખાચર કયા વર્ણના હતા ?
(અ) બ્રાહ્મણ(બ) ક્ષત્રિય
(ક) વૈશ્ય (ડ) શુદ્ર

૭. ગંગામા કયા ગામના વતની હતા ?
(અ) કઠલાલ (બ) મેથાણ
(ક) જેતલપુર (ડ) મછીયાવ

૮. કાશી હિન્દુસ્તાનના કયા રાજયમાં આવેલ છે ?
(અ) રાજસ્થાન (બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) મદ્યપ્રદેશ

૯. અસમર્થ વ્યકિતએ કયા મહિનામાં વિશેષ નિયમ લેવા ?
(અ) ચૈત્ર (બ) અષાઢ
(ક) શ્રાવણ (ડ) કારતક

૧૦. તમારા પ્રતાપથકી અંધને આંખ્યો જડે, આ કાવ્ય પંક્તિ કયા ગ્રંથમાં આવે છે ?
(અ) ભક્તચિંતામણિ (બ) નીષ્કુળાનંદ કાવ્ય
(ક) શ્રીહરિચરિત્રામૃત (ડ) શ્રી હરિલીલામૃત

## રાહતદરે બૂક વિતરણ

ભુજ મંદિર દ્વારા બાળકોને સ્કૂલમાં ઉપયોગી કૂલસ્કેપની બૂકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જેનું મૂલ્ય માત્ર રૂા.૧૮ રાખેલ છે. શ્રીનરનારાયણદેવ સાહિત્ય કન્દ્ર, શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાંથી મેળવી શકશો.

## નૂતન પ્રકાશન

આપણા વિદેશ વસતા હરિભક્તોના સંતાનોની ભક્તિમાં વિશેષ દૃઢતા આવે તેવા ઉમદા હેતુસર આપણા ધાર્મિક શાસ્રોનાં અંગ્રેજી ભાષામાં પ્રકાશનો હાથ ધરાયા છે. 'શ્રીમદ્ સત્સંગીજીવન ભાગ ૧ થી ૫'નું અંગ્રેજી પ્રકાશન હવે ઉપલબ્ધ છે. આ અમૂલ્ય દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂા. ૫૦૦/- રૂપિયા પાંચસો રાખવામાં આવી છે. આ શાસ્રો શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા પ્રકાશિત કરાયા છે અને શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં ઉપલબ્ધ છે.

## -: શબ્દ રચના :-

### પૃથ્વી વિશે જાણવા જેવું

- પૃથ્વી પોતાની ધરી પર દર કલાકે એક હજાર માઇલની ગતિથી ફરે છે. આ ગતિ જો ૧૦૦ માઇલ-કલાકે થઇ જાય, તો દિવસ-રાત દસ ગણા લાંબા થઇ જાત અને દિવસે સૂર્યની પ્રખર ગરમીથી વનસ્પતિ બળી જાત અને બચેલાં અંકુરો પણ રાત્રે સુકાઇ જાત.
- સૂર્ય અને પૃથ્વીના અંતર વચ્ચે જરાક પણ વધ ઘટ થાય, તો પણ માનજીવન અશકય બની જાય.
- પૃથ્વી પોતાની ધરી પર ૨૩ અંશ વાકી છે. જેથી ઋતુઓ થાય છે. જો આમ ન હોત, તો સમુદ્રની વરાળ ઉત્તર અને દક્ષિણ તરફ જઇ બરફના મહાદ્વીપો બનાવી દેત.
- ચંદ્ર અને પૃથ્વીનું અંતર ફક્ત ૫૦ હજાર માઇલ વધે, તો સમુદ્રમાં પ્રચંડ ભરતી-ઓટ આવી ને આખી પૃથ્વી બે વાર પાણીમાં ડૂબી જાય ને પહાડો ધોવાઇ જાય.
- જો પૃથ્વીની સપાટીનો પૃષ્ઠભાગ માત્ર ૧૦ ફૂટ સખત હોત, તો પ્રાણવાયુ જ ન હોત. તો પ્રાણીજીવન હોત જ નહિ.
- જો સાગર થોડો વધુ ઊંડો હોત, તો કાર્બન ડાયોક્સાઇડ અને ઓક્સિજન એમાં સમાઇ જાત, ને પૃથ્વી પર એક પણ લીલું પાન ન હોત.
- પૃથ્વીનું વાતાવરણ થોડું ઓછું ઘટ્ટ હોત, તો દરરોજ લાખોની સંખ્યામાં ખરતા તારા ધરતી પર આવી ઠેર-ઠેર આગ લગાડી દેત.
- આમ, પૃથ્વી પર જીવનની શક્યતા માટે એટલી બધી અનિવાર્ય શરતોની જરૂર પડે છે કે તે માત્ર યોગાનુ યોગ થાય, તે સંભાવના અશક્ય છે.
- આ બધા યોગ કરનાર ભગવાન જ છે. સર્વકર્તાહર્તા ભગવાન જ છે.

### -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

૭૭-૭૮, નિષ્કુળાનંદ સ્વામી, ગંગારામ મલ્લ,
પ્રેમાનંદસ્વામી, લાખેલી, માન, બિન્દુ, નારાયણ,
પંપા, કઠલાલ,ઉત્તરપ્રદેશ,
વેદવ્યાસજી,નીષ્કુળાનંદ કાવ્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચા | તુ | ર્મા | સ | 卐 | 卐 | એ | કા | દ | શી |
| મ | 卐 | 卐 | ર | મ | ણ | ક | 卐 | 卐 | ત |
| ર | ઘુ | કુ | ળ | | | મ | ગ | દ | ળ |
| 卐 | 卐 | કુ | 卐 | | | 卐 | ણ | 卐 | 卐 |
| ધ | ર્મ | વં | શ | | | ઉ | પ | વા | સ |
| ર્મ | 卐 | શ | 卐 | | | 卐 | તિ | 卐 | ત્સં |
| ધુ | 卐 | 卐 | અ | | | કા | 卐 | 卐 | ગી |
| રં | ગો | ત્સ | વ | | | રા | ધી | કા | જી |
| ધ | 卐 | 卐 | તા | | | વા | 卐 | 卐 | વ |
| ર | ઘુ | વી | ર | 卐 | 卐 | સ | મા | પ | ન |

### :: સરનામું ::

નામ........................................................................................................................

ગામ ........................તાલુકો........................ ઉંમર..........શાળા.......................................

ધો............ મો.ન.........................................

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

## એવમ્

# નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**સં.૨૦૭૩ ફાગણ વદ અમાસ તા. ૨૮-૩-૧૭ મંગળવાર થી ચૈત્ર સુદ ૭ તા. ૩-૪-૧૭ સોમવાર**
**નારાયણ યજ્ઞ : ચૈત્ર સુદ ૮ તા. ૪-૪-૧૭ મંગળવાર**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે -આગામી તા. ૨૮-૩-૧૭ થી તા. ૩-૪-૧૭ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૧,૦૦૦/- : પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે,
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.
સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય
તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે,
સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**: કથા સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ**
**ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.**

# ભાવભીનું આમંત્રણ

આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્સવપ્રિય હરિભક્તોને સહર્ષ જણાવવાનું કે શ્રીજી મહારાજની કૃપાથી તેમજ મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના આશીર્વાદથી નીચે જણાવ્યા મુજબના ઉત્સવો ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પાવનકારી પ્રસંગોએ પરિવાર સહિત પધારી પુણ્યનું ભાથું બાંધવાની તક પ્રાપ્ત થઈ છે, તો અવશ્ય પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરનો દશાબ્દી મહોત્સવ

તા. ૧૯-૧૨-૨૦૧૬ થી ૨૧-૧૨-૨૦૧૬

## :: શાકોત્સવ ::

મહાવદ ૨ રવિવાર તા. ૧૨-૨-૨૦૧૭

## :: શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૦મો વાર્ષિક પાટોત્સવ ::

પ્રારંભ મહાવદ ૧૧ બુધવાર તા. ૨૨-૨-૨૦૧૭

સમાપ્તિ ફાગણ સુદ ૨ મંગળવાર તા. ૨૮-૨-૨૦૧૭

## શ્રીઘનશ્યામ મહારાજનો ૭૫મો વાર્ષિક પાટોત્સવ
## શ્રીનરનારાયણદેવનો ૧૯૪મો વાર્ષિક પાટોત્સવ

પ્રારંભ ચૈત્ર વદ ૩૦ બુધવાર તા. ૨૬-૪-૨૦૧૭

સમાપ્તિ વૈશાખ સુદ ૫ રવિવાર તા. ૩૦-૪-૨૦૧૭

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦/- હીરલબેન અશોકભાઈ ભુડીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૦/- મુરજી નાનજી હીરાણી, માનકુવા હાલે મોમ્બાસા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૫૦/- વિશ્રામ મુરજી હીરાણી, માનકુવા હાલે મોમ્બાસા, શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ
૨૦૦/- રમેશ મનજી પિંડોરીયા, સુરજપર, નવા ટ્રેકટરની ખરીદી કરી તે નિમિત્તે ભેટ
૧૫૧/- ધ્યાનિબેન અશ્વિનભાઈ પોકાર હ. દાદા નારણભાઈ, ધડાની હાલે નડિયાદ, સ્કૂલમાં પ્રવેશ નિમિત્તે ભેટ
૧૫૧/- હેન્સી દેવજીભાઈ હીરાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- શ્રીનરનારાયણદેવ કન્સ્ટ્રકશન ક્યુ. કંપની, હ. મુકેશભાઈ વરસાણી, કોડકી, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૧૫૧/- ક્રિષ્ના સુરેશ વાઘજી પિંડોરીયા, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- કિશન સુરેશ વાઘજી પિંડોરીયા, નારણપર ઉ.વા., જન્મદિવસ નિમિતે ભેટ
૧૫૧/- જયદેવ યોગેન્દ્ર જેસાણી, બળદીયા, ગુરુપૂર્ણિમા નિમિતે પૂ. સ્વામી વિશ્વવલ્લભદાસજીની પ્રેરણાથી
૧૫૦/- કાન્તાબેન નારણભાઈ પિંડોરીયા, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૦/- ખુશ ભાવેશભાઈ નારણભાઈ પિંડોરીયા, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૦/- નીતાબેન ભાવેશભાઈ પિંડોરીયા, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૦- હીરલબેન પુનિતભાઈ પિંડોરીયા, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૦/- ખુશ ગોવિંદ સેંઘાણી, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૦/- હિરાલાલ મથરાદાસ હ. ઉષાબેન, ભુજ, સુપુત્ર ચિ. મનોજના લગ્ન નિમિત્તે ભેટ
૧૨૫/- હિરાલાલ મથરાદાસ હ.જવેરબેન, વિઠ્ઠલદાસ ઠક્કર, આમારા હાલે માધાપર, શ્રી નરનારાયણદેવના પ્રતાપે ખોવાયેલ બાઈક પાછું મળ્યું
૧૧૧/- શિવજી ધનજી માસ્તર, માધાપર, શ્રી નરનારાયણદેવની કૃપાથી નૈરોબી જવાનું થવાથી
૧૦૧/- ભાવનાબેન સુરેશ હીરાણી, મીરજાપર, જન્મદિવસ નિમિતે ભેટ
૧૦૧/- પિયુષ સુરેશ હીરાણી, મીરજાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૦૧/- કિશનકુમાર ભરતભાઈ પંડ્યા, માધાપર, જન્મદિવસ નિમિતે ભેટ
૫૦/- ઈશાબેન યોગેન્દ્રભાઈ જેસાણી, બળદીયા, શ્રી ઘનશ્યામ મહારાજની પ્રેરણાથી


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



**ભુજ નિત્યદર્શનમ્ ગ્રુપ દ્વારા**

**હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ**

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને

**+91 73592 50231**

**ઉપર અરજી મોકલો**



આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.